RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 294, Dt.01-02-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નિર્મલા સીતારમણનું નફા-નુકસાન વગરનું વચગાળાનું બજેટ રજૂ...



**કરદાતાઓને સાંપડી નિરાસાઃ ગરીબો–મહિલાઓ–યુવા વર્ગ અને અન્નદાતાઓ ઉપર મુખ્ય ફોકસઃ એક કરોડ મકાનોને 300 યુનિટ સુધી ફ્રી વીજળીઃ બજેટ પ્રવચન દરમિયાન મોદી સરકારના ૧૦ વર્ષના શાસનના ગુણગાન ગાયાઃ ૪૦ હજાર જનરલ ડબ્બા વંદે ભારત કોચમાં ફેરવાશેઃ ત્રણ કરોડ લખપતિ દીદી બનશેઃ મેડીકલ કોલેજની સંખ્યા વધશેઃ આયુષ્યમાન ભારત યોજના હેઠળ તમામ આશા વર્કસ, આંગણવાડી વર્કસ અને હેલ્પર્સને આવરી લેવાશે**

## બજેટ ઉડતી નજરે

★ આગામી ૫ વર્ષ દેશના વિકાસ માટે શાનદાર હશે
★ રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ પર હશે સંપૂર્ણ ફોકસ
★ સરકાર નેક્સ્ટ જનરેશન રિફોર્મ લાવશે
★ આગામી ૫ વર્ષમાં ગરીબો માટે ૨ કરોડ ઘર બનાવાશે
★ મધ્યમ વર્ગ માટે હાઉસિંગ સ્કીમ પર વિચાર
★ MSME માટે બિઝનેસ સરળ કરવા પર કામ શરૂ
★ રૂફટોપ સોલર પ્લાન હેઠળ ૧ કરોડ ઘરોને 300 યૂનિટ/મહિનો ફ્રી વીજળી
★ દેશમાં વધુ મેડિકલ કોલેજ ખોલવા પર કામ કરીશું
★ આંગણવાડી સેન્ટરોને અપગ્રેડ કરાશે, ASHA વર્કર્સને આયુષ્માન યોજનાનો મળશે લાભ
★ સર્વાઈકલ કેન્સર માટે વેક્સિનેશન વધારાશે
★ તમામ વિસ્તારોમાં નેનો DAPનો ઉપયોગ વધારાશે
★ પશુ પાલકોની મદદ માટે સરકાર યોજના લાવીશું
★ ડિફેન્સમાં ડીપ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે યોજના લાવીશું
★ કૃષિ માટે મોર્ડન સ્ટોરેજ, સપ્લાય ચેન પર ફોકસ
★ સરસવ, મગફળીની ખેતી માટે સરકાર વધુ પ્રોત્સાહન આપશે
★ મત્સ્ય યોજનાને પ્રોત્સાહન આપવા માટે કામ કરાશે
★ સી-ફૂડ એક્સપોર્ટ બેગણી કરવાનો ટાર્ગેટ
★ સરકાર ૫ ઈન્ટીગ્રેટેડ એક્વા પાર્ક્સ ખોલશે
★ લખપતિ દીદિઓની સંખ્યા ૨૦ લાખથી વધારીને 30 લાખ કરીશું
★ FY25માં ઈન્ફ્રા પર ૧૧.૧ ટકા વધુ ખર્ચ કરાશે
★ FY25 માટે ૧૧.૧૧ લાખ કરોડ કેપેક્સનું એલાન, અત્યાર સુધીના સૌથી મોટા કેપેક્સનું એલાન
★ એનર્જી, મિનરલ, સીમેન્ડના ૩ નવા કોરિડોર બનાવાશે
★ ૪૦૦૦ રેલવે ડબ્બાઓને વંદે ભારત સ્ટાન્ડર્ડ ડબ્બાઓમાં બદલવામાં આવશે
★ નાના શહેરોને જોડવા માટે ૫૧૭ નવા રૂટ પર ઉડાન સ્કીમ લાવશે સરકાર
★ PM સ્વનિધિથી ૧૮ લાખ વેન્ડર્સને કરાઈ મદદ
★ કિસાન સન્માન નિધિ અને પીએમ ફસલ યોજનાથી ખેડૂતોને મજબૂત બનાવાયા
★ ૧૧.૮ કરોડ ખેડૂતોને કિસાન સન્માન નિધિનો મળી રહ્યો છે લાભ
★ દેશમાં ૩૦૦૦ નવા આઈટીઆઈઆઈ ખોલાશે
★ ૧.૪૦ કરોડ યુવાનોને સ્કિલ ઈન્ડિયાની ટ્રેનિંગ અપાઈ છે
★ ૧૫ નવી AIIMS અને ૩૯૦ નવા વિશ્વવિદ્યાલય બનાવાયા છે
★ આમ આદમીની આવક ૫૦ ટકા વધી છે
★ પીએમ આવાસ યોજનાના કારણે ૭૦ ટકા ઘરની માલિક બની મહિલાઓ
★ સરકારે અત્યાર સુધી ૩ કરોડ ઘર બનાવવાના પોતાના લક્ષ્યને હાંસલ કર્યું
★ આ યોજના હેઠળ આગામી ૫ વર્ષમાં ૨ કરોડ વધારે ઘર બનાવાશે
★ ઉચ્ચ શિક્ષામાં મહિલાઓની ભાગીદારી ૨૮ ટકા વધી ગઈ
★ ૧૩૬૧ નવી શાકમાર્કેટ જોડાઈ
★ દેશમાં એરપોર્ટ્સની સંખ્યા ૧૪૯ થઈ ગઈ, ટિયર ૨ અને ટિયર ૩ પર ખાસ ફોકસ
★ નમો ભારત અને મેટ્રો ટ્રેન પર ફોકસ હશે
★ દેશમાં નવા મેડિકલ ખોલાશે
★ પીએમ સૂર્યોદય યોજના હેઠળ એક કરોડ ઘરોમાં સોલર લગાવાશે
★ કોલસા ગેસીફિકેશનથી નેચરલ ગેસની આયાત ઘટશે

### ઈન્કમ ટેક્સ કલેક્શન ત્રણગણો વધ્યો

**નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ૧૦ વર્ષમાં આવકવેરા સંગ્રહમાં ત્રણ ગણો વધારો થયો છે. મેં ટેક્સ રેટમાં ઘટાડો કર્યો છે. ૭ લાખની આવક ધરાવતા લોકો માટે કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી. ૨૦૨૫-૨૦૨૬ સુધીમાં ખાધમાં વધુ ઘટાડો કરશે. રાજકોષીય ખાધ ૫.૧% રહેવાનો અંદાજ છે. ખર્ચ રૂ. ૪૪.૯૦ કરોડ અને અંદાજિત આવક રૂ. 30 લાખ કરોડ છે.**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કર્યું. તેમણે કહ્યું કે સરકારનું ધ્યાન યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને ગરીબો પર છે. આ ચાર પ્રાથમિક્તામાં ટોચ પર છે. લોકસભા ચૂંટણી પહેલા આ વચગાળાનું બજેટ હતું. પરંપરાને ટાંકીને નાણામંત્રીએ ટેક્સ સંબંધિત કોઈપણ જાહેરાત કરવાનું ટાળ્યું હતું. આવકવેરા સહિત કોઈપણ પ્રકારના પ્રત્યક્ષ અને પરોક્ષ કર અને તેના સ્લેબમાં કોઈપણ પ્રકારનો કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

નાણા પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે સરકાર પાત્ર મધ્યમ વર્ગને તેમના પોતાના ઘર ખરીદવા અથવા બનાવવામાં મદદ કરવા માટે આવાસ યોજના શરૂ કરશે. ચૂંટણી પહેલા વચગાળાનું બજેટ રજૂ કરતાં સીતારમને કહ્યું કે સરકાર એવો આર્થિક અભિગમ પણ અપનાવશે જે ટકાઉ વૃદ્ધિને સરળ બનાવે અને ઉત્પાદકતામાં સુધારો કરે. બજેટ રજૂ કરતી વખતે, તેમણે એક કરોડ ઘરોને દર મહિને 300 યુનિટ મફત વીજળી સુનિશ્ચિત કરવા માટે 'રૂફટોપ સોલારાઇઝેશન'નો પણ ઉલ્લેખ કર્યો હતો, જે નાથી વાર્ષિક રૂ. ૧૫,૦૦૦-૧૮,૦૦૦ની ઘરની બચત થશે. નાણામંત્રીએ કહ્યું કે સરકાર હાલના હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને વધુ મેડિકલ કોલેજો સ્થાપશે. તેમણે કહ્યું કે પૂર્વ વિસ્તાર અને તેના લોકોના વિકાસ પર મહત્તમ ધ્યાન આપવામાં આવશે.''

નાણામંત્રી નિર્મલા સીતારમણે વચગાળાનું બજેટ રજૂ કર્યું. નિર્મલા સીતારમણે બજેટ રજૂ કરતી વખતે મોટી જાહેરાત કરી. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં ત્રણ કરોડ મકાનો બનાવવામાં આવ્યા છે અને આગામી ૫ વર્ષમાં ૨ કરોડ વધુ મકાનો બનાવવામાં આવશે. આ સિવાય તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના હેઠળ એક કરોડ ઘરોમાં સોલાર પેનલ લગાવવામાં આવશે. જે ઘરોમાં સોલાર પેનલ લગાવવામાં આવશે તેઓ દર મહિને 300 યુનિટ સુધી મફત વીજળી મેળવી શકશે. આવી સ્થિતિમાં, સરકારના જણાવ્યા અનુસાર, દરેક પરિવારને એક વર્ષમાં ૧૫ થી ૧૮ હજાર રૂપિયાની બચત થશે.

નિર્મલા સીતારમણે કહ્યું કે અમારી સરકાર તમામ લક્ષ્યોને પૂર્ણ કરી રહી છે. તેમણે કહ્યું કે એક કરોડ લખપતિ દીદીઓ બનાવવામાં આવી છે અને હવે તે વધારીને ૩ કરોડ કરવામાં આવી છે. ૮૩ લાખ સ્વ-સહાય જૂથોમાં ૯ કરોડ મહિલાઓ જોડાઈ છે. આયુષ્માન ભારત યોજના હેઠળ આરોગ્ય કવચ તમામ આશા અને આંગણવાડી કાર્યકરો અને સહાયકોને આપવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આગામી પાંચ વર્ષ અભૂતપૂર્વ વૃદ્ધિના વર્ષ હશે.''

નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, અમારી સરકાર વિવિધ વિભાગો હેઠળ હાલની હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને વધુ મેડિકલ કોલેજો સ્થાપવાની યોજના બનાવી રહી છે.

## ૪૦ હજાર જનરલ રેલકોચ વંદેભારત કોચમાં ફેરવાશે



બ્લુ ઈકોનોમી ૨.૦ હેઠળ નવી સ્કીમ શરૂ કરવામાં આવશે. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપશે. ૫૦ વર્ષ માટે ૧ લાખ કરોડ રૂપિયાની વ્યાજમુક્ત લોન આપશે. લક્ષદ્વીપના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપશે. ૪૦ હજાર સામાન્ય રેલ્વે કોચને કોચની જેમ વંદે ભારતમાં રૂપાંતરિત કરવામાં આવશે.

## બજેટમાં મહિલાઓ અને બાળકો પર ફોકસ, મધ્યમ વર્ગ માટે આવાસ યોજના

નિર્મલાએ કહ્યું, અમારી સરકાર સર્વાઇકલ કેન્સર રસીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. માતૃત્વ અને બાળ સંભાળ યોજનાઓને વ્યાપક કાર્યક્રમ હેઠળ લાવવામાં આવી હતી. ૯-૧૪ વર્ષની છોકરીઓના રસીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.સરકાર મધ્યમ વર્ગ માટે આવાસ યોજના લાવશે. આગામી ૫ વર્ષમાં ૨ કરોડ મકાનો બનાવવામાં આવશે. પીએમ આવાસ હેઠળ ૩ કરોડ મકાનો બનાવવામાં આવ્યા છે.

## આ બજેટ વચગાળાનું, પરંતુ તે સમાવિષ્ટ અને ઈનોવેટિવ બજેટ છેઃ વડાપ્રધાન મોદી



આજે કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ચૂંટણી વર્ષ હોય તેથી ઈન્ટરીમ બજેટ રજૂ કરાયું હતું.

આ બજેટમાં ખાસ કરીને કરમાળખામાં કોઈ ફેરફાર નથી કરાયો તો તે ઉપરાંત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ટેક્સ પર બદલાવ નથી આવ્યો. સંસદમાં બજેટ રજૂ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ બજેટ પરની તેમની પ્રતિક્રિયા વિશે સંબોધન કર્યું હતું. તેઓના સંબોધનમાં સમાવેશ થયેલ મુદ્દાઓ :

★ આ બજેટ વચગાળાનું છે, પરંતુ તે સમાવિષ્ટ અને ઈનોવેટીવ બજેટ છે

★ આ બજેટમાં વિકાસનો ભરોસો છે, અને આ બજેટ વિકસિત ભારતના ચાર સ્તંભ યુવા, ખેડૂત, મહિલા અને ગરીબ એમ સૌને સશક્ત કરશે.

★ નિર્મલાજીનું આ બજેટ દેશના ભવિષ્યના નિર્માણનું બજેટ છે

★ આ બજેટમાં વર્ષ ૨૦૪૭ ની વિકસિત ભારતના પાયાને મજબૂત કરવાની ગેરંટી છે, નિર્મલાજીને અભિનંદન પાઠવતા વડાપ્રધાન.

★ આ બેજેટમાં યુવા ભારતની યુવા આકાંક્ષાનું પ્રતિબિંબ છે.

★ બેજટમાં બે મુખ્ય બાબતોને ધ્યાન અપાયું છે : રિસર્ચ અને ઈનોવેશન માટે એક લાખ કરોડના ફંડ ની જાહેરાત કરવામાં આવી છે

★ બજેટમાં સ્ટાર્ટ અપને મળતી ટેક્સ છૂટની વિસ્તૃતમાં જાહેરાત કરવામાં આવી છે.

★ રાજકોષીય ખાધને નિયંત્રણમાં રાખી મૂડી ખર્ચને ૧૧ લાખ ૧૧ હાજર ૧૧૧ કરોડ ની ઐતિહાસિક ઊંચાઈ અપાઈ છે, અર્થ શાસ્ત્રોની ભાષા મુજબ આ એક 'સ્વીટ સ્પોટ' છે. ભારતને ૨૧મી સદીના આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણની સાથોસાથ યુવાનોને રોજગારી માટે અનેક તક મળશે.

★ આવક-વેરા માફી યોજના દ્વારા મધ્યમ વર્ગના ૧ કરોડ લોકોને રાહત મળશે.આગલી સરકારોએ દાયકાઓથી સામાન્ય માનવીના માથા પર આ ખૂબ જ મોટી તલવારો લટકાવી રાખી હતી.

# ૩૧ વર્ષ બાદ વારાણસીના જ્ઞાનવાપીમાં શંખ અને ઘંટનો નાદ ગુંજી ઉઠયોઃ પૂજા-વિધિ થઈ

## કાશી વિશ્વનાથ પરિસરમાં આવેલાં હિન્દુ ધર્મસ્થાનના વ્યાસ તેહખાનાના બેરીકેટ મધરાત્રે ખુલ્યા

**મુખ્ય સમાચાર, વારાણસી**

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ બાદ સર્જાયેલા એક ઉલ્લાસ અને ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે વારાણસીમાં ૩૧ વર્ષ બાદ પ્રથમ વખત કાશી વિશ્વનાથ મંદિર પરીસરમાં આવેલા જ્ઞાનવાપીમાં શંખ અને ઘંટનો નાદ થયો હતો. ગઇકાલે અદાલતી ચુકાદા બાદ મધરાતે પ્રથમ વખત જ્ઞાનવાપી સંકુલમાં આવેલ વ્યાસ તેહખાના તરીકે ઓળખાતા વિસ્તારમાં ફરી પૂજા વિધિ શરૂ થઇ ગઇ છે.

વારાણસી કોર્ટે આ તેહખાનામાં પૂજાનો અધિકાર ધરાવતા વ્યાસ પરિવારને ભવ્ય શૃંગાર ગોરીની પૂજા અને આરતીની મંજૂરી આપતા મધરાતે બેરીકેટ હટાવી લેવામાં આવ્યું હતું. ભારે સુરક્ષા વચ્ચે રાત્રી ૧.૩૦ સુધી આ કામગીરી ચાલુ હતી અને વહેલી સવારે ૩ વાગ્યે તેહખાનામાં સ્થાપિત મૂર્તિઓની પૂજા અને આરતી કરવામાં આવી હતી.




વ્યાસ પરિવારના વંશજો અહીં દિપ જલાવીને ગણેશ અને લક્ષ્મીની આરતી ઉતારવામાં આવી હતી તથા તેહખાનાની દિવાલ પર બનેલા ત્રિશુલ સહિતના ધાર્મિક પ્રતિકોની પૂજા કરવામાં આવી હતી અને આ સાથે ૩૧ વર્ષ સુધી જે સૌને પુજા અને અર્ચનાથી વંચિત રખાયું હતું તે ફરી એક વખત ગુંજી ઉઠયું છે.

જોકે હાલ આ વિસ્તારમાં સામાન્ય શ્રધ્ધાળુઓને પ્રવેશ માટે મંજૂરી અપાઇ નથી. અદાલતે ફકત પૂજાની મંજૂરી આપી હોવાથી અહીં નિયમિત રીતે પૂજા-અર્ચના થશે. જ્ઞાનવાપી પરિસરમાં આવેલી આ હિન્દુ ધર્મના સ્થાન પર અદાલતનો ચુકાદો આવતા જ ગઇકાલથી ઉત્તરપ્રદેશનું વહીવટી તંત્ર સાબદુ થઇ ગયું હતું અને પૂરા રાજયમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મોડી રાત્રે જિલ્લા કલેકટર અને પોલીસ વડા પણ પરિસરમાં પહોંચ્યા હતા અને સમગ્ર કામગીરી સરળતાપૂર્વક બને તે નિશ્ચિત કર્યુ હતું.

ઉલ્લેખનિય છે કે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદ સમગ્ર દેશ સહિત વિશ્વના સનાતન ધર્મપ્રેમીઓમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. ફરી એકવાર વારાણસી કોર્ટે જ્ઞાનવાપીમાં પૂજાનો અધિકાર આપતાં વાતાવરણ દિવ્ય બન્યું હતું.

# Paytm પર RBIની મોટી કાર્યવાહી, પેમેન્ટ બેંક પર નવા કસ્ટમરને જોડવા પર પ્રતિબંધ લગાવ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓનલાઈન પેમેન્ટ સર્વિસ ઉપલબ્ધ કરાવતી દિગ્ગજ કંપની Paytmને ભારતીય રિઝર્વ બેંક (RBI) તરફથી મોટો ઝટકો લાગ્યો છે. બુધવારે ડિજિટલ પેમેન્ટ અને ફાઈનાન્શિયલ સર્વિસ આપતી કંપની પર નવા કસ્ટમર જોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. એટલે કે હવે ડ્ઇકની સાથે કોઈ નવા ગ્રાહક નહીં જોડાઈ શકે. કેન્દ્રીય બેંકે કહ્યું કે, આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગૂ કરવામાં આવી રહ્યો છે.




Paytm Payment Bankમાં નવા કસ્ટમર જોવા પર પ્રતિબંધ લગાવવાની સાથે, RBIએ અન્ય એક આદેશ જાહેર કર્યો છે કે ક્ષ્ફુળિં ક્ષ્ફુળયક્ષઇિંફક્ષસને ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ બાદ કોઈ પણ ગ્રાહક એકાઉન્ટ, વોલેટ અને ફાસ્ટેગમાં ડિપોઝિટ/ટોપ-અપ સ્વીકાર નહીં કરવામાં આવે. બેંકના ગ્રાહકો દ્વારા સેવિંગ એકાઉન્ટ, કરંટ એકાઉન્ટ, પ્રીપેડ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ, ફાસ્ટેગ, નેશનલ કોમન મોબિલિટી કાર્ડ સહિત પોતાના એકાઉન્ટ્સથી વધેલી રકમના ઉપાડ કે ઉપયોગની મંજૂરી વગર કોઈ પ્રતિબંધ વગર આપવામાં આવશે. એટલે RBI દ્વારા સ્પષ્ટ કરાયું છે કે, સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ, કરંટ એકાઉન્ટ અને ફાસ્ટેગ સહિત અન્યમાં પહેલાથી ડિપોઝિટ રકમને ઉપાડવા કે પછી તેના ઉપયોગ વગર રોક-ટોક કરી શકાશે. RBIએ Paytm Payment Bank વિરૂદ્ધ આ એક્શન બેન્કિંગ રેગુલેશન એક્ટ-૧૯૪૯ના સેક્શન ૩૫અ હેઠળ લીધો છે.

રિઝર્વ બેંક તરફથી Paytm Payment Bank પર લેવાયેલા આ એક્શનના સંબંધમાં કહેવામાં આવ્યું છે કે, એક ઓડિટ રિપોર્ટ અને બહારના ઓડિટર્સના રિપોર્ટ બાદ પેટીએમની બેન્કિંગ સર્વિસમાં ગેર પાલન અને મટિરિયલ સુપરવાઈઝરી ચિંતાઓ ઉજાગર થઈ છે. આ બધા વચ્ચે આ નિર્ણય લેવાયો છે અને આદેશ હેઠળ નવા ગ્રાહકોને જોડવા પર પ્રતિબંધની સાથે આગામી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ બાદથી હાલના ગ્રાહકોના એકાઉન્ટ્સમાં પણ ટ્રાન્જેક્શન પર રોક લગાવી દેવાઈ છે.

રિઝર્વ બેંકના આ નિર્ણયની અસર ગુરુવારે પેટીએમના શેરો પર જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ ગત દિવોસમાં કંપનીના શેરોમાં ૨૦ ટકા સુધીનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જેની પાછળનું કારણ પેટીએમ પેમેન્ટ બેંક દ્વારા નાના પોસ્ટપેડ લોન ઓછી કરવાના પ્લાનને બતાવાઈ રહ્યું છે.

# મોરબી–રાજકોટ રૂટની ડેમુ ટ્રેન ફરીથી ચાલુ કરવા મોરબી સુરક્ષા મંડળ દ્વારા લેખીત રજૂઆત

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

મોરબી-રાજકોટ રૂટની ડેમુ ટ્રેન પહેલા ચાલુ હતી જે રેલ્વે વિભાગ દ્વારા બંધ કરવામાં આવી છે તો પ્રજા સુખાકારી માટે મોરબી-રાજકોટ ડેમુ ટ્રેન ફરીથી ચાલુ કરવા મોરબી જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા વેસ્ટર્ન રેલ્વે મુંબઈ કચેરીના મેનેજરને લેખીત રજૂઆત કરવામાં આવી છે. આ સાથે પ્રધાનમંત્રી, રેલ્વેમંત્રી તથા કચ્છ-મોરબીના સાંસદને આ રજૂઆતની નકલ



રવાના કરવામાં આવી છે.

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર મોરબી ઔદ્યોગીક શહેર છે. જેથી મજુરો અને કામદારની હેરાફેરી વધારે હોય છે મોરબીથી રાજકોટ ઘણાં કર્મચારી-વેપારી આવન જાવન કરે છે તેવી રીતે રાજકોટથી સીરામીકમાં નોકરી માટે ઘણાં કામદારો આવન જાવન કરે છે મોરબીથી રાજકોટનુ ભાડુ રૂપિયા પંદર છે જેથી દરેક વ્યકિતને ફાયદો થાય છે હવે સરકાર નવા નવા રેલ્વે સ્ટેશન બનાવે છે પરંતુ મોરબીમાં ગાડીયો ચાલતી નથી. સવારે-બપોરે-સાંજે મોરબી રાજકોટ ઈલેક્ટ્રીક ડેમુ ટ્રેઈન શરૂ થવી જોઇએ આ ટ્રેઈન જો માળીયા સુધી લંબાવવામાં આવેતો ઘણી વ્યકિતને લાભ થાય સરકાર માલગાડી દોડાવે છે પરંતુ પ્રજાની સુખાકારી માટે કોઈ પ્રયત્ન કરતી નથી તેવુ પ્રજાના મનમાં લાગી રહયું છે. બસમાં વ્યકિત રાજકોટ અવાન-જાવન કરેતો સો રૂપિયા લાગે છે ત્યારે ડેમુ ટ્રેનમાં ત્રીસ રૂપિયામાં આવન જાવન થઇ શકે છે. પહેલાં ચાલુ હતી હવે શા માટે બંધ કરી તે પ્રજાને સમજાતુ નથી તેથી પ્રજાના હીત માટે મોરબી-રાજકોટ ટ્રેઈન શરૂ કરવી જરૂરી છે તેવી માંગણી સાથે રજૂઆત કરી હતી.

# ટંકારાના ગજડી ગામ નજીક અમેઝ કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે ૩ ઝડપાયા, ૨ ફરાર

## પોલીસે કારનો પીછો કરતા મુખ્ય સૂત્રધાર એવા કાર ચાલક અને અન્ય શખ્સ કાર મૂકીને નાસી ગયા

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા પોલીસે બાતમીને આધારે ગજડી ગામે ધુનડા(ખા) જવાના રસ્તેથી અમેઝ કારનો પીછો કરી વિદેશી દારૂની ૧૮ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જયારે કાર રેઢી મૂકી કાર ચાલક અને બાજુની સીટમાં બેસેલ બંને શખ્સો નાસી ગયા હતા જયારે કારમાં સવાર અન્ય ત્રણ શખ્સો પોલીસના હાથે પકડાય ગયા હતા. આ સાથે પોલીસે અમેઝ કાર તથા વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઇ ભાગી છૂટેલ બે શખ્સો તથા પકડાયેલ ત્રણ શખ્સો સહીત પાંચેય આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય ત્યારે ખાનગીરાહે બાતમી મળેલ કે ખાનપર કોયલી ગામ બાજુથી અમેઝ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ટંકાર તરફ જવાનો હોય જે અનુસંધાને ટંકારા પોલીસ ટીમ ગજડી ગામથી ધુનડા(ખા) જવાના રસ્તે વોચમાં હતી. તે દરમિયાન અમેઝ કાર ત્યાંથી પસાર થતા તેને રોકવા પ્રયત્ન કરતા કાર ચાલકે કાર ભગાડી મૂકતા પોલીસ દ્વારા તેનો પીછો કરતા કાર ચાલક અને બાજુની સીટમાં બેસેલ શખ્સ કાર રેઢી મૂકી નાસી ગયા હતા.

ત્યારે પોલીસ દ્વારા અમેઝ કાર રજી. જીજે-૧૦-ડીઈ-૪૬૮૨ને ચેક કરતા કારની ડેકીમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જની ૧૮ બોટલ મળી આવી હતી આ સાથે કારમાં સવાર ત્રણ શખ્સો ભાભલુભાઇ શાંતુભાઇ ખાચર ઉવ.૨૩ રહે.નોલી તા.સાયલા જી.સુ.નગર, જયરાજભાઇ કાળુભાઇ માંજરીયા ઉવ.૨૪ રહે.સીરવાણીયા તા.સાયલા જી.સુ.નગર, નાગરાજસિંહ ઘનશ્યામસિંહ વાળા ઉવ.૨૦ રહે. જામનગર રામેશ્વર રાંદલ નગર રાજશકિત પાનવાળી ગલીમાંને ઝડપી તેની અત કરવામાં આવી છે જયારે કાર રેઢી મૂકી નાસી ગયેલ મુખ્ય સૂત્રધાર એવા બે શખ્સો રવિરાજસિંહ દાદુભા રહે.જામનગર મરછોનગર, નાગરાજસિંહ ભરતસિંહ જાડેજા રહે.જામનગર રામેશ્વર માટેલ ચોકને ફરાર દર્શાવી તેન પકડી પાડવા તજવીજ હાથ ધરી છે. હાલ પોલીસે કાર સહીત વિદેશી દારૂ જથ્થો જપ્ત કરી પાંચેય આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર–ખંભાળિયા માર્ગ પર નાઘેડી ગામના પાટીયા પાસે ટ્રાન્સપોર્ટની ઓફિસ ધરાવતા બે ભાઈઓની દાદાગીરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર- ખંભાળિયા ધોરીમાર્ગ પર નાઘેડી ગામના પાટીયા પાસે ટ્રાન્સપોર્ટ ની ઓફિસ ધરાવતા બે બંધુઓએ પાડોશમાજ ગેરેજ ચલાવતા દલિત યુવાનને માર માર્યો હતો , અને દાદાગીરી કરી અમારા ટ્રક સૌપ્રથમ રીપેર કરવા પડશે , નહીં તો પતાવી નાખીશું તેવું કહી ધાક ધમકી આપી સમાજમાં હલકા પાડવા માટે હડધુત કરાયાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાવાઇ છે . આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે



જામનગર નજીક સરમત ગામમાં રહેતા અને નાઘેડી ગામના પાટીયા પાસે ગેરેજ ચલાવતા શૈલેષ ખીમજીભાઇ ભાંભી નામના ૨૩ વર્ષના દલીત યુવાને પોતાને ઝાપટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે , તેમજ પોતે દલિત જ્ઞાતિના હોવાથી અપશબ્દ ઉચ્ચારી સમજમાં હલકા પાડવા માટે હડધુત કરવા અંગે પાડોશ ટ્રાન્સપોર્ટની ઓફિસ ધરાવતા બે ટ્રાન્સપોર્ટર બંધુઓ મુળુભાઇ મેરામણભાઇ મોઢવાડિયા અને પોપટભાઈ મેરામણભાઇ મોઢવાડિયા સામે સિક્કા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે . પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપીઓની ટ્રાન્સપોર્ટ ની ઓફિસ મારફતે આવેલા ટ્રકને તાત્કાલિક રીપેર કરી દેવા માટેનો આગ્રહ રાખ્યો હતો . જેથી પાડોશી ગેરેજ સંચાલકે ના પાડતાં અમારા ટ્રક સૌથી પહેલાં જ રીપેર કરવા પડશે , તેમ કહી ધાકધમકી આપી હતી , અને ઢોર માર માર્યો હતો . ઉપરાંત હડધુત કરાયો હતો . જેથી સિક્કા પોલીસે હુમલા અંગેની કલમો તેમજ એસ્ટ્રોસિટી એક્ટ ની IPC કલમ - ૩૨૩,૫૦૪,૫૦૬ ( ૨ ) , ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ -૩ ( ૨ ) ( ૫ - એ ) , ૩ ( ૧ ) ( આર ) ( એસ ) મુજબ ગુન્હો નોંધ્યો છે , અને આરોપીઓની ધરપકડ કરવા માટે કાર્યવાહી હાથ ધરી છે

# ચડ્ડી બનિયાનધારી ગેંગના એક શખ્સને એલસીબીએ જામનગર માંથી દબોચી લીધો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લૂંટ તથા ધાડ માટે કુખ્યાત બનેલી ચડ્ડી બનિયાનધારી ગેંગના એક શખ્સને એલસીબીએ જામનગર માંથી દબોચી લીધો છે. આ શખ્સ સામે પંદર વર્ષ પહેલા શામળાજી પોલીસ સ્ટેશનમાં લૂંટ તથા હથિયારધારા ભંગનો ગુન્હો નોંધાયેલો છે.જામનગર ઉપરાંત રાજ્ય ભરમાં તરખાટ મચાવનારી ચડ્ડી, બનિયાનધારી ગેંગનો સાગરિત મનાતો એક શખ્સ કાલાવડ નાકા બહાર બેઠક પાસે આવ્યો હોવાની બાતમી એલસીબીના સંજયસિંહ, કાસમ બ્લોચ, હિતેન્દ્રસિંહ, દિલીપ તલાવડીયાને મળતા પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન.



મોરીના વડપણ હેઠળ એલસીબી ટીમ દોડી હતી.બેઠક પાસેથી મૂળ મધ્ય પ્રદેશના જાંબુવા જિલ્લાના વતની અને હાલમાં રાજકોટના પાડાસણ ગામમાં રહેતા પપ્પુ કલાભાઈ મછાર નામના શખ્સને અટકાયતમાં લેવાયો હતો. એલસીબી કચેરીએ ખસેડી આ શખ્સની પૂછપરછ કરાતા તેની સામે વર્ષ ૨૦૦૯માં અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસ મથકમાં લૂંટ તથા હથિયારધારા ભંગનો ગુન્હો નોંધાયો હોવાનું અને ત્યારથી આ શખ્સ નાસતો ફરતો હોવાનું ખૂલ્યું છે. તેનો કબજો શામળાજી પોલીસને સોંપવાની તજવીજ કરાઈ છે.

# મોરબીના સમાજ સેવકો દ્વારા પ્રેરણાત્મક પહેલ, શહેરમાં અલગ અલગ સ્થળોએ ગલુડિયા ઘર બનાવાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાજિક કાર્યકરો દ્વારા મોરબી શહેરમાં જુદા જુદા સ્થળોએ શ્વાનના બચ્ચા માટે 'ગલુડિયા ઘર' બનાવવામાં આવશે. હાલ સામાજિક કાર્યકરો દ્વારા મોરબીની અંદર ગલુડીયા ઘર મુકવાની પ્રથમ શરૂઆત કરવામાં આવી છે જેમાં વીસીપરા સ્મશાનની મેલડીમાતાજી મંદિરે ગલુડિયા ઘર મુકવામાં આવ્યું છે. ત્યારે મોરબી શહેરમાં અલગ અલગ સ્થળોએ જઈ સામાજિક કાર્યકરો દ્વારા ગલુડીયા ઘર બનાવવામાં આવશે. આ સાથે સામાજિક કાર્યકરો દ્વારા યાદીમાં




જણાવ્યા અનુસાર મોરબી શહેરમાં કોઈ પણ સ્થળે ગલુડિયા ઘર મુકવાના હોય તો સમાજ સેવકો જગદીશભાઈ ગંગારામભાઈ બાંભણીયા, રાજુભાઈ દવે, ચીરાગભાઈ સેતાના મોબાઇલ નંબર ૯૭૨૬૫ ૯૮૬૧૬, ૯૧૦૬૫ ૧૮૧૮૯, ૯૭૩૭૨૪૪૨૩૧ ઉપર કોલ કરશો એટલે તે સ્થળે આવીને ગલુડિયા ઘર મુકવામાં આવશે તેવું યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી જીલ્લાના અટકી ગયેલ વિકાસના કામો બાબતે મુખ્યમંત્રીને લેખીત રજૂઆત કરતા જીલ્લા ભાજપ પૂર્વ અધ્યક્ષ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ભાજપના પૂર્વ અધ્યક્ષ દ્વારા મોરબીને મહાનગર પાલિકાનો દરજ્જો આપવા તથા મોરબીના લાતી પ્લોટના ભૂગર્ભ સહિતના કામો માટેના ૨૪ કરોડના મંજુર થયેલા કામો તથા મચ્છુ નદી ઉપર રીવરફ્રન્ટ બનાવવાના અટકી ગયેલા કામો તાકીદે શરુ કરવા મુખ્યમંત્રીને લેખીત રજૂઆત કરવામાં આવી છે.

પૂર્વ જીલ્લા ભાજપ અધ્યક્ષ રાઘવજીભાઈ ગડારા દ્વારા રજુઆતમાં જણાવ્યું કે મોરબી જીલ્લા પ્લેસ તરીકે છેલ્લા દશ વર્ષથી કાર્યરત છે. જીલ્લાની બધી જ



કચેરીઓ મોરબી શહેરમાં આવેલી છે અને મોરબી શહેરની આજુબાજુનો સિરામિક ઔદ્યોગિક વિસ્તાર ખુબ જ ફેલાયેલો છે. જેને લીધે મોરબીની જન સંખ્યામાં ખુબ જ મોટો વધારો થયેલ છે. ખુબ જ મોટી જનસંખ્યા હોવા છતા મહાનગરપાલીકા ન હોવાના કારણે વિકાસના કામો થઈ શકતા નથી. તો મોરબીને મહાનગરપાલીકાનો દરજ્જો આપવો ખુબ જ જરૂરી છે. તથા મોરબી શહેરમાં આવેલ લાતી પ્લોટ વિસ્તારમાં ઘડીયાળના તથા ઔદ્યોગિક નાના મોટા કારખાનાઓ આવેલ છે. લાતિપ્લોટ વિસ્તારમાં ભુગર્ભ, રોડ તેમજ અન્ય વિકાસના કામો માટે અગાઉ ૨૪ કરોડ રૂપીયા મંજુર પણ થઈ ગયેલ હોય તેમજ કામ પણ અપાઈ ગયેલ હોય તેમજ વર્ક ઓર્ડર પણ મળી ગયેલ હોય રાજ્યના પુર્વ મંત્રી તથા ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજાના હસ્તે ખાતમુહુર્ત પણ થઈ ગયેલ હોય તેમ છતાં હજુ સુધી કામ ચાલુ થયેલ નથી. આ વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જવાની મોટી સમસ્યા હોય જેના કારણે ખુબ જ નુકશાન થાય છે. તો લાતીપ્લોટમાં તાત્કાલીક ધોરણે કામ ચાલુ કરવું ખુબ જ જરૂરી છે.

રજુઆતમાં છેલ્લે જણાવવામાં આવ્યું હાંકતું કે મોરબી શહેરમાં હાલ એક પણ બાગ-બગીચો સારી અવસ્થામાં ન હોય બાળકોને તેમજ શહેરીજનોને રજાના દિવસોમાં ફરવાલાયક એકપણ સ્થળ નથી તો મચ્છુનદી પર રીવરફ્રન્ટ બનાવવા અગાઉ સર્વે પણ થઈ ગયેલ છે. તો રીવરફ્રન્ટનું કામ આગળ વધે તેવી શહેરીજનોની પણ રજુઆત હોય જેને ધ્યાને લઈ રીવરફ્રન્ટનું કામ આગળ વધારવા વિનંતી કર્યાનું યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# જામનગરમાં યુવા કોંગ્રેસ દ્વારા રોજગાર આપો, ન્યાય આપો' અભિયાનનો આરંભ

**મુખ્ય સમાચાર, જામનગર**

સમગ્ર ગુજરાતમાં યુવા કોંગ્રેસ દ્વારા 'રોજગાર આપો, ન્યાય આપો' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.જામનગરમાં પણ યુવા કોંગ્રેસ દ્વારા બેનરો-પ્લેકાર્ડ સાથે આ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે.દેશમાં અને ગુજરાતમાં બેરોજગારી સૌથી મોટી સમસ્યા છે તેના લીધે યુવાનો આત્મહત્યા કરી રહ્યા છે, દેશમાં બેરોજગારી વધવાનું મુખ્ય કારણ ભાજપની ખોટી નીતિ રહી છે. આવનારા સમયમાં યુવા કોંગ્રેસ દ્વારા રોજગર આપો, ન્યાય આપોનું અભિયાન સમગ્ર ગુજરાતમાં ચલાવવામાં આવશે.ગુજરાતની અંદર ઘણાં સમયથી યુવાનોને રોજગારી મળી રહી નથી. ગુજરાતમાં ૨૦ કરતા વધુ વખત પેપર લીક થયા છે તે ભાજપ સરકાર માટે ખૂબ



જ શરમજનક બાબત છે.

ગુજરાતના યુવાનોને જે અન્યાય થયો છે તે માટે યુવા કોંગ્રેસ આંદોલન કરીને ન્યાય માંગશે. ગુજરાત સરકારની મિલીભગતના કારણે પેપર ફૂટી રહ્યા છે અને તેના લીધે યુવાનોના સપના રોળાઈ રહ્યા છે. ગુજરાતમાં નોકરીની જગ્યા ખાલી છે છતાં ભરતી કરવામાં આવતી નથી. ભાજપ સરકાર યુવાનોની જિંદગી સાથે છેડછાડ કરી રહી છે અને પોતે મલાઈ ખાઈ રહી છે. આ તમામ મુદ્દાઓ ગુજરાતના યુવાનો સુધી ન્યાય આપો રોજગાર આપો કાર્યક્રમથી લઈ જવામાં આવશે. 'રોજગાર આપો ન્યાય આપો' આ અભિયાન સાથે જોડાવા માટે જામનગરના યુવાનોને ૮૮૬૦૮ ૧૨૩૪૫ નંબર પર મિસ્ડ કોલ કરીને આ અભિયાનમાં સમગ્ર ગુજરાતમાં યુવક કોંગ્રેસ દ્વારા જોડવામાં આવશે.આ કાર્યક્રમમાં જામનગર યુવક કોંગ્રેસના પ્રભારી વાંકાનેરના રૂકમુદી માથકીયા, યુવક કોંગ્રેસ પ્રમુખ ડો. તોસિફખાન પઠાણ ગુજરાત યુવક કોંગ્રેસના મંત્રી શક્તિસિંહ જેઠવા, જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ લક્કીરાજસિંહ ઝાલા, ૭૮ વિધાનસભાના પ્રમુખ ચિરાગ જીંજુવાડિયા, ૭૯ વિધાનસભાના પ્રમુખ દર્શન રાઠોડ, એનએસયુઆઈ ગુજરાતના મહામંત્રી મહિપાલસિંહ જાડેજા એનએસયુઆઈના જામનગરના પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ, વોર્ડ નં. ૧ કોર્પોરેટર નુરમામદ પલેજા તેમજ યુવક કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારો જોડાયા હતાં.

# જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કાલાવડના ભલસાણ ગામે ખેત શ્રમિકની મુલાકાત લઈને તેમનું કાઉન્સેલિંગ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડ તાલુકાના ભલસાણ ગામે રહેતા ખેત શ્રમિક રાકેશભાઈ ગણાણા અને સુમિત્રાબેન ગણાણા ખેતરમાં કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તાજેતરમાં તેમના ઘરે બાળકનો જન્મ થયેલ. જન્મ બાદ ૨૪ કલાકની અંદર બાળકને પોલીયો બી. સી.જી., વિટામિન કે અને હિપેટાઇટિસ બી વેક્સીન આપીને બાળકને સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું હતું. ભલસાણ ગામના નજીકના પેટા આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રી આરોગ્ય કાર્યકરે પ્રાથમિક દ્રષ્ટિએ જોતાં ફચરશ (ફમદયતિય ચરરચભર્િ જ્ઞર શળળીક્ષુફશિંજ્ઞક્ષ) જેવો કેસ પ્રાથમિક



તપાસમાં સામે આવ્યું હતું. ત્યારબાદ ખેત શ્રમિક પરિવારને જામનગરમાં ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલ ખાતે દાખલ થવા માટે આરોગ્ય કર્મચારી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલ ખાતે દાખલ થયાના બે દિવસ બાદ લાભાર્થી પોતાના ગામે પરત ફર્યા હતા. આ તમામ બાબત જિલ્લા આરોગ્ય વિભાગના ધ્યાનમાં આવતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ભાયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાએથી જિલ્લા આર.સી.એચ. અધિકારી ડો. નૂપૂર પ્રસાદ, ડી.પી.સી. યગ્નેશ ખારેચા, ડી.પી.એચ.એન. જયાબેન રાઠોડ, પી.એમ.એ. વિજય જોષીભાઈ તેમજ અન્ય સ્ટાફ ગણ દ્વારા ખેત શ્રમિકના પરિવારજનોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી અને તેમની રસીકરણ અંગેની ગેર માન્યતા દૂર કરીને સરળ ભાષામાં સમજુતી આપવામાં આવી હતી. આ સરળ સમજુતી મળવાથી બાળકનું સ્વાસ્થ્ય સારું છે. તેને હાલમાં કોઇ જ તકલીફ નથી, તેમજ બાળકના પરિવારજનોની ગેર માન્યતા પણ સાથો-સાથ દુર થઈ છે.

# રાજુલાની મહિલા કોલેજ ખાતે વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ યોજાયો....





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા શહેરમાં આવેલ શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ કરવામા આવ્યો હતો. અને પધારેલા મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં અંધશ્રદ્ધા અંગે જાથાના ચેરમેન જયંત પંડ્યાએ વિધાર્થીઓને જુદા-જુદા વિજ્ઞાન પ્રયોગ બતાવી વાકેફ કરાયાં હતાં. તેમજ વહેમ, અંધશ્રદ્ધાનો પર્દાફાશ કરી લોક જાગૃતિનો વિચાર અને સમાજ પરિવર્તન માટે સુંદર પ્રયાસ કરવામા આવ્યો હતો. ખાસ કરીને લોકોમા અંધશ્રદ્ધા વિશે નિવારણ કરવા તેમજ લોકોમા જાગૃતિ આવે તે માટે વિજ્ઞાન જાથાનો અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતુ આ કાર્યક્રમ અંતર્ગત રાજુલા પોલીસ દ્વારા વિધાર્થીઓમા જાગૃતતા માટે સાઇબર ક્રાઇમ પત્રિકાઓ વિતરણ કરવામા આવી હતી. આ તકે પીઆઇ ઇન્દુબેન ગીડા, રમેશભાઈ કાતરિયા, નાયબ મામલતદાર હિતેશભાઈ કાતરીયા, સેડી પ્રિન્સિપાલ પવનકુમાર ચતુર્વેદી, કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશભાઈ વાજા, કેમ્પસ મેનેજર રવિભાઇ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, કોલેજ પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવલ, કારોબારી સભ્ય બિપીનભાઈ લહેરી,ઉમેશભાઈ મોદી, ગિરધરભાઈ ઊનાગર,પૂર્વ શિક્ષણ સમિતિ ચેરમેન વિમળાબેન ઉનાગર, ગર્લ્સ સ્કૂલ પ્રિન્સિપાલ સીમાબેન પંડ્યા સહિત આગેવાનો હાજર રહ્યાં હતાં. સમ્રગ કાર્યક્રમમાં એન.એસ.એસના સ્વયમ સેવિકા બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી....

# મોરબીની રંગપર શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલબેગ અર્પણ કરતી સેટેલાઈટ ઈન્ડસ્ટ્રીઝ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લોકો સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શાળા માટે પોતાના રળેલા રૂપિયામાંથી કંઈક ને કંઈક દાન કરતા હોય છે અને પુણ્યનું ભાથું બાંધતા હોય છે,એ અન્વયે મોરબીના રંગપર ગામ પાસે આવેલ સેટેલાઈટ ઈન્ડસ્ટ્રીઝ તરફથી રંગપર તાલુકા શાળાઓના ભૂલકાઓને સ્કૂલ બેગ વિતરણ કરીને વિદ્યાર્થીઓ ભણીગણીને ખૂબ આગળ વધે અને રંગપર ગામ અને શાળાનું નામ રોશન કરે એવા ભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ તકે શાળા પરિવાર અને ગામના સરપંચ મેઘરાજસિંહ ઝાલા તેમજ શાળા પરિવાર તરફથી સેટેલાઈટ ઈન્ડસ્ટ્રીઝના હિરેનભાઈ દેત્રોજા તેમજ કૌશિકભાઇ માકાસણાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મોરબીના ૬૭ વર્ષીય ડો. હસ્તીબેને પ્રથમ વર્ગ સાથે કથક નૃત્ય વિશારદની પદવી હાંસલ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

આ તકે તેમણે ''ઉમર થઇ ગઇ, હવે શું થાય'' તેવા નબળા વિચાર કરનારાઓ માટે એક સંદેશ પુરો પાડ્યો છે. અને તેમના અનુભવો વર્ણવવા સાથે અખબારી યાદીમાં જણાવ્યુ છે,

એક ખુબજ જાણીતી ઉક્તિ છે, ''કદમ અસ્થિર હો એને કદી રસ્તો જડતો નથી, અડગ મનના મુસાફિર ને હિમાલય પણ નડતો નથી.''

મોરબીના જાણીતા સેવાભાવી અને એ પણ ૬૭ ની ઉમરે પહોંચનાર ડો. હસ્તીબેન મહેતાએ આ ઉકિતને સાર્થક કરી બતાવી છે.

ડો. હસ્તીબેનની યશકલગીમાં એક વધુ છોગું ઉમેરાતા તેમણે જણાવ્યું કે, મને બાળપણથી જ કલા, સાહિત્ય, સંગીતનો ખુબ શોખ તેમાં પણ શાસ્ત્રીય નૃત્યનો શોખ અનહદ હતો. પણ આ વાત છ દાયકા પહેલાની અને ત્યારે તે સમય આટલા સંસાધનો, માર્ગદર્શન આપનારાઓ, કે પછી કોઇ પ્રસ્તુતિઓ જોઈને કઈક શીખી શકાય તેવા પણ માધ્યમો નહિવત. માત્ર વાંચન કે સમાચાર પત્રો દ્વારા જ જાણકારી એ



પણ ખુબ ઓછી મેળવી શકાતી. આજના સમયની જેમ આંગળીના ટેરવે કોઈ માહીતી નહોતી પણ અંતરના ઉંડાણમાં ધરબાયેલા છતાં ધડકનો દ્વારા સદા યાદ અપાવતો એ ક્લાસિકલ નૃત્યનો શોખ અકબંધ જ રહ્યો.

કૌટુંબિક, સામાજિક, આર્થિક તમામ જવાબદારીઓ પૂરી થવા આવી ત્યારે એ સપનાએ આંતર મનનો કબજો લઈ લીધો છે ક્લાસિકલ નૃત્ય તો શીખવું જ છે. પણ દિમાગે પ્રેક્ટિકલી સમજાવ્યું કે હવે આ કંઈ ઉંમર છે નૃત્ય શીખવાની??

પણ મન તો તૈયાર જ હતું કે શીખવાની કોઈ ઉંમર થોડી હોય અને ''મન ચંગા તો કથરોટ મેં ગંગા'' કહેવત યાદ કરીને આરંભ કરી જ દીધો નૃત્યમાં પારંગત થવા માટેના પ્રયત્ન. પણ કહેવાય છે ને કે આરંભ તો સહેલો છે પણ મંઝિલ સુધીનો રસ્તો કપરો જ હોય. મનને ઉંમર ન નડે પણ શરીરને તો ઉંમરના બંધનો નડે જ છે, પણ મન એવું મજબૂત કે શરીરને થાકવા જ ન દીધું.

તમામ જવાબદારીઓ નિભાવતા નિભાવતા ૬૦ મે વર્ષે નૃત્ય શીખવાનું શરૂ કરી દીધું અને પછી તો પાછું વળીને નથી જોયુ. આખરે એ દિવસ આવી જ ગયો કે જે શીખ્યા છીએ એ બરાબર જ છે કે નહીં?

લેવાઈ પરીક્ષા અને ડો. હસ્તી મહેતા ફર્સ્ટ કલાસ ઉત્તીર્ણ થઈને નૃત્ય વિશારદ થઈ ગયા. મારા જીવનમાં સેવેલ સ્વપન સાકાર થયુ તેનો મને ખુબ આનંદ છે. મને આ સિદ્ધિ સુધી પહોચાડવામાં મદદરૂપ ગુરૂગણ , સહ અધ્યાઇ મહેશ્વરીબેન અંતાણી સહિત તમામનો આભાર માનુ છું.

# લલુડી વોકળીમાં ઘર પાસે ગાળો બોલવાની ના કહેતા યુવાન પર ચાર શખ્સોનો હૂમલો

## લક્ષ્મીનગર મેઈન રોડ પર ઈનોવા કારમાં ૭૨ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કેવડાવાડી પાસે આવેલા લલુડી વોકળીમાં ઘર પાસે ગાળો બોલવાની ના કહેતા ચાર શખ્સોએ યુવાન પર હૂમલો કરી મારમારતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ લલુડી વોકળી શેરી.૧૬ માં ધોબી ચોક પાસે રહેતા અનવરભાઈ બાબુભાઈ શેખ નામના યુવાને ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે ઘરે હતો ત્યારે શેરીમાં ગૌરવ ઉર્ફે ગવો ચુડાસમા, ધવલ વાણંદ, રાજેશ ઉર્ફે રાજભા પટેલ, લાલો રાવળ સહિતના શખ્સો ગાળો બોલતા હોય જેથી ગાળો બોલવાની ના પાડતા આ ચારેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈ લોખંડના પાઈપ વડે હૂમલો કરી માથામાં ગંભીર ઈજા કરી નાસી ગયા હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ પી.જી. રોહડીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જયારે એક બનાવમાં માલવિયાનગર પોલીસના પીએસઆઈ એમ.એસ.મહેશ્વરી તથા કોન્સ્ટેબલ ભાવેશભાઈ ગઢવી સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે લક્ષ્મીનગર મેઈન રોડ પર અશોક ગાર્ડન પાસે ઈનોવા કાર નંબર જીજે૨૩એ૯૦૪૫માં ૭૨ બોટલ વિદેશી દારૂ લઈ નિકળેલો જગદીશ દલાભાઈ પરમાર નામના શખ્સને દબોચી લઈ ઈનોવા સહિત રૂ.૩.૩૬ લાખનો મુમાલ કબજે કર્યો છે.

# બેડી ચોકડી પાસે બાઈક ઝાડ સાથે અથડાતા સગીરાનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૂખડિયાપરા વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં રહેતો સગીર મધરાત્રે પોતાના મિત્રો સાથે બાઈક લઈને બેડી ચોકડી પાસે ચા પીવા ગયો હતો ત્યારે બાઈકની ચક્કર મારવા નું કહી નીકળેલો સગીર પરત નહીં આવતા મિત્રો પાછળ ગોતવા જતા બેભાન હાલતમાં મળ્યો હતો. સગીરનું બાઈક થાંભલા સાથે અથડાઈને ઝાડમાં ઘુસી જતા મોત નીપજ્યું હતું. સગીરના મોતથી પરિવારમાં માતમ છવાયો છે.

આ અંગેની માહિતી મુજબ રૂખડીયાપરા વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં રહેતા અર્યાન હાબિદભાઈ અબ્દુલશેખ નામનો ૧૭ વર્ષનો સગીર રાત્રીના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના બાઈક સાથે બેડી ચોકડી પાસે માધાપર ચોકડી જવાના રસ્તા ઉપર ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો સગીરને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક અર્યાન બે ભાઈમાં નાનો હતો અને રેસકોર્સમાં ચકરડીમાં નોકરી કરતો હતો અને બાદમાં રાત્રીના પોતાના શેઠનું બાઈક લઈને ઘરે ગયા બાદ મિત્રો સાથે મઢુલી હોટલ પાસે ચા પીવા ગયો હતો બાદમાં બાઈકની ચક્કર મારવા જવાનું કહીને નીકળ્યા બાદ અર્યાન પરત નહિ આવતા મિત્રો પાછળ ગોતવા જતા મિત્ર અર્યાન બેભાન હાલતમાં મળ્યો હતો. અને અર્યાનનું બાઈક થાંભલા સાથે અથડાય ઝાડમાં ઘૂસી જતા મોત નીપજયું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના રબારીકા રોડ પર ટ્રકની ઠોકરે એકટીવા ચડી જતાં ચાલકનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના રબારીકા રોડ પર એક્ટિવા ચાલક ટ્રકના પાછલા જોટા ટાયરમાં આવી જતા તેનું માથું ચગદાઈ જવાથી યુવકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ રબારીકા રોડ ફરી ગોઝારો બન્યો હતો આજે સાંજના સમયે પીઠડીયા ગામનો અંકિત હરસુખભાઈ ગોંડલીયા નામનો યુવાન કે જેનું સાડીનું કારખાનું પણ ત્યાં બાજુમાં જ આવેલ છે. તે પોતાનું એક્ટિવા મોટર સાયકલ લઈને પોતાના કારખાના પાસે રબારીકા પહોંચતા જ એક ટ્રક નંબર જીજે ૨૧ વાય ૪૪૭૯ નંબરનો પુરપાટ ઝડપે આવતા એક્ટિવા ટ્રકની અડફેટે ચડી જતા અંકિતનુ માથું ટ્રકના જોટા ટાયર હેઠળ આવી ગયું. અને તેનું માથું ચગદાઈ જતા માથાના ભાગમાંથી માંસના લોચા અને લોહીના ખાબોચિયા ભરાય ગયા અને તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મૃતક અંકિતના બે વર્ષ પહેલાં લગ્ન થયા હતા, સંતાનમાં એક વર્ષની પુત્રી હોય ત્યારે ગોંડલીયા પરિવારમાં એક નો એક પુત્ર મૃત્યુ પામતા ભારે આઘાત લાગ્યો છે.

# રાજકોટમાં કલેકટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની સમીક્ષા બેઠક યોજાઈ

## રાઘવજીભાઈ પટેલ, ભાનુબેન બાબરીયા, કુંવરજીભાઈ બાવળિયા, કલેકટર પ્રભવ જોષી વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ કુંવરજીભાઇ બાવળિયા અને કલેકટર પ્રભવ જોષી વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા.

મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લાની વિકાસયાત્રામાં કોઈ વિક્ષેપ ન થાય તે માટે આગોતરા આયોજન દ્વારા સમયસર મંજૂરીઓ મળે અને વિકાસ કાર્યો આગળ વધે તે માટે આયોજન મંડળની કામગીરી સમયસર હાથ ધરવામાં આવે તે જરૂરી છે. તેઓએ ગાઇડલાઈન મુજબના કામો સમયસર અને સારી ગુણવત્તાના થાય તેના પર ભાર મૂક્યો હતો અને ફેબ્રુઆરી માસમાં જ આયોજનની સમિક્ષા અને મંજૂરીની તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને વિવિધ કામોની ઝડપથી આગળ ધપાવવા સૂચના આપી હતી.

કલેક્ટરએ મંત્રીશ્રીઓને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈ હેઠળની વર્ષ ૨૦૨૪-૨૫ માટેની નવી દરખાસ્તો મંજૂર કરવા માટે સમગ્ર જિલ્લાના હાલના આયોજનની રૂપરેખા આપી હતી. વધુમાં તાલુકાઓ અને નગરપાલિકાઓના આવેલા આયોજનો અને બાકી આયોજનોની માહિતી આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીએ રાજકોટના તાલુકા, જિલ્લાની નગરપાલિકાઓના બાકી આયોજનોની વિગત મેળવી સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં કલેકટર કચેરી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરો, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ જોડાયા હતા.

# રસાકસીભર્યા ફાઈનલ મેચમાં સુરત મેયર ઈલેવનને મહાત આપી રાજકોટ મેયર ઈલેવન ટીમ વિજેતા

## ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ટી-૨૦ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટના ઈતિહાસમાં રાજકોટ મેયર ઈલેવન પ્રથમ વખત ચેમ્પીયન બની




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે ઓલ ગુજરાત ઇન્ટર કોર્પોરેશન ટી-૨૦ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ્-૨૦૨૩-૨૪ અંતર્ગત સુરત અને રાજકોટ મેયર ઈલેવનની ટીમો વચ્ચે ફાઈનલ મેચ સરદાર પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, નવરંગપુરા ખાતે તા.૩૧/૦૧/૨૦૨૪, બુધવારના રોજ સાંજે ૦૭:૦૦ કલાકે રમાયેલ યોજાયો, જેની વિગતો નીચે મુજબ છે.

આ ફાઇનલ મેચની પ્રથમ ઈનિંગમાં રાજકોટ મેયર ઈલેવન દ્વારા પ્રથમ બેટિંગ કરી ૧૫૩ રન બનાવેલ અને સુરત મેયર ઈલેવન માટે ૧૫૪ રનનો ટાર્ગેટ આપવામાં આવેલ. જેમાં રાજકોટ મેયર ઈલેવન વતી કેપ્ટન પુષ્કરભાઈ પટેલ ૬૦ રનના જુમલો બનાવેલ અને પ્લેયર ઓફ ધ મેચ અને સાથોસાથ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ્ ઘોષિત થયેલ, તેમજ કાળુભાઈ કુંગશીયાએ ૩૪ અને પરેશભાઈ પીપળીયાએ ૨૩ રન કરેલ.

બીજી ઈનિંગમાં સુરત મેયર ઈલેવન સાત વિકેટ ગુમાવી અને ૧૫૧ રન કરી શકેલ. જ્યારે રાજકોટ મેયર ઈલેવન વતી કેપ્ટન પુષ્કરભાઈ પટેલ એ બે વિકેટ, તેમજ કેતનભાઈ પટેલ એ બે વિકેટ અને કાળુભાઈ કુંગશીયાએ એક વિકેટ ઝડપી ટીમને જીત તરફ દિશા આપવામાં મહત્વનું યોગદાન આપેલ. આમ, રસાકસીભર્યા મેચમાં છેક સુધી પ્રેક્ષકોના ઇંતેજાર સાથે ફાઈનલ મેચમાં બે રનથી રાજકોટ મેયર ઈલેવન વિજય વાવટો ફરકાવી ટુર્નામેન્ટ્ ચેમ્પિયન બની.

રાજકોટ મેયર ઈલેવન ટીમને સુરત સામે મજબુત ટક્કર આપીને ફાઈનલ મેચમાં જીત હાંસલ કરી ટુર્નામેન્ટ્ ચેમ્પિયન ટ્રોફી મેળવવા બદલ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તરફથી અભિનંદન પાઠવેલ છે.

# પીપરટોડા નજીક પુલીયા પાસેથી એક યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુર પંથકના પીપરટોડા નજીક પુલીયા પાસેથી એક યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા પોલીસ ટુકડી દોડી ગઇ હતી અને મૃતદેહને પીએમ માટે ખસેડી તપાસ આદરી હતી. દરમ્યાન વાડીએ જતી વેળાએ રસ્તામાં પગના ભાગે ઝેરી જનાવર કરડી જતા તેઓ પડી જતા મૃત્યુ થયાનું પ્રાથમિક દ્રષ્ટીએ તબીબી તારણ આપવામાં આવ્યું છે.પીપરટોડા નજીક પુલીયા પાસે એક યુવાનનો માથાના ભાગે ગંભીર ઇજાના નિશાન સાથેનો મૃતદેહ મળી આવતા ૧૦૮ને જાણ કરાઇ હતી, ટુકડી ત્યાં પહોચી હતી અને પોલીસને વાકેફ કરવામાં આવ્યા હતા, લાલપુરના પીએસઆઇ ગોહીલ સહિતનો કાફલો તપાસમાં જોડાયો હતો અને મૃતદેહને પીએમ માટે જામનગરની જી.જી. હોસ્પીટલમાં ખસેડાયો હતો.દરમ્યાનમાં મળેલી વિગતો મુજબ મૃતક જામનગરના કીર્તી પાન પાસે રહેતા અને બ્રાસના ધંધા સાથે સંકળાયેલા દિનેશભાઇ શિવાભાઇ સાવલીયા (ઉ.વ.૪૫) હોવાનું બહાર આવ્યુ હતું આથી પરિવારજનોને જાણ કરાઇ હતી અને જી.જી. હોસ્પીટલ ખાતે પેનલ પીએમ કરાવાયુ હતું.મૃતક યુવાન જામનગરમાં રહેતા હોય અને નવાગામ ખાતે વાડીએ ગઇકાલે પોતાનું બાઇક લઇને જવા માટે નીકળ્યા હતા દરમન પીપરટોડા નજીક પહોચતા રોડની સાઇડમાં બાઇક રાખીને લઘુશંકા કરવા ગયા હતા, જયાં પગની ઘુંટી પાસે કોઇ ઝેરી જનાવર કરડી જતા તેઓને તમ્મર ચડી જતા નીચે પડી ગયા હતા અને માથાના ભાગે ઇજા પહોચી હોવાનું તબીબી તપાસમાં પ્રાથમિક તારણ આપવામાં આવ્યુ છે જો કે પોલીસ દ્વારા આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબી તાલુકાના અપહરણ - પોકસોના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદી વર્ષ ૨૦૨૦ માં એવી ફરિયાદ કરવામાં આવેલ હતી કે આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી બનાવ વખતે ૧૬ વર્ષ



અને ૬ માસની હોવાનું આરોપી જાણવા છતાં તેણીને ફરિયાદીના વાલીપણા માંથી લલચાવી ફોસલાવીને બદકામ કરવાના ઇરાદે અપહરણ કરી લઈ જઈ ભોગ બનનાર સાથે વારંવાર શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચરેલ છે તેવી ફરિયાદના આધારે આરોપી રોહિતભાઈ હરજીભાઈ રંધેડિયા અને તેની મદદ કરનાર તેના કાકા પ્રેમજીભાઈ મુળજીભાઈ ની ધરપકડ કરવામાં આવી હતી.ત્યારબાદ નામદાર કોર્ટમાં ચાર્જશીટ થઈ જતા નામદાર કોર્ટ મહીડા સાહેબની કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપીઓને નામદાર કોર્ટ દ્વારા શંકાનો લાભ આપી આરોપીઓને નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરેલ છે આ કેસમાં આરોપી રોહિત તેમજ પ્રેમજીભાઈ તરફે મોરબી વકીલ બી. ડી.ઝાલા તેમજ મયુર પી. પુજારા રોકાયેલ હતા.

# આદર્શગામ રાજસમઢિયાળા હવે બને છે આદર્શ ઔદ્યોગિકનગર

## રાજકોટના આર.કે.ગ્રુપ દ્વારા સુંદર ઔદ્યોગિક વસાહતનું નિર્માણઃ૬૦થી વધુ ઉદ્યોગો ધમધમ્યાઃપત્રકાર પરિષદમાં અગ્રણી હરદેવસિંહ જાડેજાએ આપી માહિતી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ મુખ્ય સમાચાર**

રાજકોટથી આસરે ૨૦ કિલોમીટર દૂર ભાવનગર રોડ પર આવેલા રાજસમઢિયાળા ગામ આદર્શ ગામ તરીકે સમગ્ર ગુજરાતમાં વિખ્યાત છે. આ ગામમાં આશરે એક વર્ષ પહેલા આર.કે.ગ્રુપ દ્વારા આર.કે.ઈન્ડસ્ટ્રીયલ વર્લ્ડની સ્થાપના કરાઈ હતી. ફક્ત એક વર્ષના ગાળામાં અહીં ૬૦થી વધુ ઉદ્યોગો કામ શરૂ થયા છે. હજુ પણ અનેક ઉદ્યોગપતીઓ આ ગામની મુલાકાત લઈ પોતાના ઉદ્યોગ સ્થાપવા આતુર છે.

રાજસમઢિયાળામાં શુન્ય ક્રાઈમરેટ છે. પ્રાકૃતિક વાતાવરણ સુંદર હોય લોકો વધુનેવધુ આ ગામ તરફ વળી રહયાં છે. આજે ઔદ્યોગિક વસાહત તરીકે રાજસમઢિયાળાએ નામના મેળવી છે. તે અંગે પત્રકારો સાથેની વાતચીતમાં જિલ્લાઅગ્રણી હરદેવસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ટુંક સમયમાંજ અહીંથી ઉત્પાદીત માલના નિકાસ માટેના કન્ટેનરો રવાના થઈ શકશે. ઉપરાંત કાચામાલની આયાત પણ સુગમ થઈ શકશે. વધુમાં પીપાવા પોર્ટ વધુમાં વધુ નજીક હોય એટલે તેનો પણ લાભ અહીંના ઉદ્યોગોને મળશે.

રાજકોટના જાણીતા આર.કે.ઈન્ડસ્ટ્રીયલ વર્લ્ડ દ્વારા રાજસમઢિયાળામાં અનોખું ઉદ્યોગિક નગર બનાવવામાં આવ્યું છે. જેના સમગ્ર કેમ્પસમાં સિમેન્ટ રોડ, ડ્રેનેજ સિસ્ટમ તથા સ્ટ્રીટ લાઈટ સમગ્ર આંતરમાળખાકીય સવલતો તૈયાર થઈ ગયેલ છે. તેમજ મહત્તમ પ્લોટનું વેંચાણ થઈ ગયેલ છે.

હરદેવસિંહે વધુમાં જણાવ્યું કે એક વર્ષમાં જ તેમના વતનમાં આ કામ સંપન થયું છે. જેનો આનંદ છે. આ આનંદ અભિવ્યક્ત કરવા આગામી રવિવારે સાંઈરામ દવેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે બાદ ઉપસ્થિત લોકો માટે ભોજન સમારંભ યોજાશે.

# શેર બ્રોકર દંપતિ સામે નાશીકના શખ્સે કરી રૂા.૫.૯૪ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આદર્શ સોસાયટીમાં અંકુર એપાર્ટમેન્ટમાં રહેતા અને શેરબજાર અને ઈન્વેસ્ટમેન્ટનું પતિ સાથે વેપાર કરતા દંપતી સાથે રૂ. ૫.૯૪ લાખની છેતરપિંડી આચર્યાની પ્રૌઢાએ ફરિયાદ નોંધાવતા પ્ર.નગર પોલીસે નાશીકના બે શખસો સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ મોનાબેન રાજેશભાઈ શાહ (ઉ.વ. ૫૩)એ ફરિયાદ નોંધાવી હતી જેમા આરોપી તરીકે નાશીકમાં કારડા કન્સ્ટ્રકશન લિમિટેડ કંપનીના નરેશ કારડા અને હીતેશ બી. પારેખના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, પતિ સાથે વેપાર કરતા હોય અને જૈન સંપ્રદાયના દીગંબર સોનગઢના અનુયાયી હોય ધાર્મિક કામ બાબતે જતા હોય જેથી નાશીકના હીતેશ પારેખ સાથે તેના પતિ રાજેશભાઈને પરિચય થયો હતો અને તે નાશીકમાં કારડા કન્સ્ટ્રકશન લિમિટેડ કંપનીમાં કામ કરતા હોય અને તેની કંપનીમાં જુદા-જુદા ઈન્વેસ્ટરો, સંસ્થાઓ અને બેન્કો પાસેથી લોન ધીરાણ મેળવેલ હોય અને તેના પર મોટી રકમ વ્યાજ ચૂકવતા હોવાનું અને કંપનીનો ધંધો કાયદેસરનો અને બૂક્સ ઓફ એકાઉન્ટ મુજબ ચાલતો હોય અને તે ઈન્વેસ્ટરો ગોતી આપવાનું કામકાજ કરતા હોવાનું જણાવ્યું હતું. જો તમારે રોકાણ કરવું હોય તો વધુ વ્યાજ ચૂકવશે તેમ જણાવ્યું હતું. દરમિયાન તેને કંપનીના ચેરમેન નરેશ કોરડા સાથે પરિચય કરાવ્યો હતો અને રોકાણની વાત કરતા તેને પાંચ લાખનું રોકાણ કર્યું હોય, એક વર્ષ બાદ તેને ૯૪,૫૦૦ ચેક દ્વારા મોકલી આપ્યા હોય, જે ચેક બેન્કમાં રિર્ટન થતા હીતેશભાઈને વાત કરી હતી જેથી તેને મંદી હોવાથી તમારા બન્ને ચેક મળી જશે ચિંતા કરશો નહીં તેમ કહી છેલ્લા બે વર્ષથી રૂ. તેમજ વ્યાજ નહીં આપી આરોપીઓએ છેતરપિંડી આચર્યાનું જણાવતા પોલીસે કાર્યવાહી કરી છે.

# હરહંમેશ મહિલાઓની સુરક્ષા માટે સતત કાર્યરત ગુજરાત સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન

## વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં ગુજરાતની ૧૩ લાખ મહિલાઓ સહિત રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં ૩૫૩૩ મહિલાઓને વ્હારે આવતી અભયમ ટીમ








**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંકલન - રિધ્ધિ ત્રિવેદી

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગે મહિલા અને બાળકોના કલ્યાણ અર્થે વિવિધ યોજનાઓનું અમલીકરણ કર્યું છે. જે અન્વયે વર્ષ ૨૦૧૫થી મહિલાઓની સુરક્ષા અને રક્ષણ માટે '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન'ની શરૂઆત કરાઈ હતી. હરહંમેશ મહિલાઓની સુરક્ષાની ખેવના કરતી ગુજરાત સરકારે અભયમ હેલ્પલાઈન થકી અનેક વિદ્યાર્થીનીઓ, યુવતીઓ, ઘરેલુ હિંસાનો ભોગ બનતી મહિલાઓ અને સીનિયર સિટિઝન મહિલાઓના જીવનમાં ખુશીઓ લાવી છે.

રાજકોટ જિલ્લાની અભયમ ટીમ વિશે વાત કરીએ તો પારિવારિક હૂંફ સાથે મહિલાઓને રક્ષણ અને મનોબળ પૂરું પાડીને આ ટીમ ખુબ સુંદર કામગીરી કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં ૧૮૧ અભયમ હેલ્પલાઈને ૩૫૩૩ પીડિત મહિલાઓને ઘટના સ્થળ ઉપર જ મદદ કરી છે. જેમાંથી ૨૨૬૩ જેટલા કિસ્સાઓનું કુશળ કાઉન્સેલિંગ કરી સ્થળ પર જ સમાધાન કરીને નિરાકરણ લાવવામાં આવ્યું છે. જયારે ગંભીર પ્રકારની સમસ્યાવાળા ૧૧૭૮ પીડિતાઓને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, સખી વન સ્ટોપ સેન્ટર સહિતની મહિલાલક્ષી સંસ્થાઓ સુધી લઈ જવામાં મદદરૂપ બની છે.

આ તકે રાજકોટ જિલ્લાના અભયમ ટીમના પ્રોજેકટ કો-ઓર્ડીનેટરશ્રી તુષાર બાવરવાએ મહિલાઓને સુરક્ષાનું અભય કવચ પૂરું પાડતી અભયમ હેલ્પલાઈન વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા કાર્યાન્વિત અને ઈ. એમ.આર.આઈ.ગ્રીન હેલ્થ સર્વિસીઝ દ્વારા સંચાલિત એક અભિનવ હેલ્પલાઇન તરીકે અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇન મહિલાઓ માટે હંમેશા આશીર્વાદરૂપ સાબિત થઇ છે. ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી જશવંત પ્રજાપતિ અને પ્રોજેક્ટ હેડ શ્રી નરેન્દ્રસિંહ ગોહિલનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાઓમાં અભયમ સેવા અસરકારતાથી આગળ વધી રહી છે. મહિલાઓ પર થતા શારીરિક, માનસિક, ઘરેલુ હિંસાના કિસ્સાઓ, કામનાં સ્થળે જાતિય સતામણી, લગ્નજીવનના વિખવાદો, લગ્નેતર સંબંધ, મનોરોગી મહિલાઓની સમસ્યાઓ, બાળ લગ્ન, બિન જરૂરી ફોન કોલ, મેસેજથી હેરાનગતિ, મહિલાને મિલકતમાં ભાગીદારી, છેડતી, સાયબર ક્રાઇમ, અપહરણ, બળાત્કાર કે અન્ય પ્રકારના કિસ્સાઓમાં ૧૮૧ની ટીમ મહિલાઓને મદદરૂપ બની હતી. અભયમ ટીમના અસરકારક કાઉન્સેલિંગ દ્વારા પરિવારને વિખરાતા બચાવ્યાની અનોખી કામગીરી કરવામાં આવી રહી છે તેમ શ્રી તુષાર બાવરવાએ ઉમેર્યુ હતું.

ગુજરાત રાજ્યમાંથી વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં કુલ ૧૩,૬૬,૮૧૭ જેટલી પીડિત મહિલાઓએ સલાહ - સૂચન, મદદ અને બચાવ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કર્યા છે. જેમાંથી ખાસ કિસ્સાઓમાં ઘટના સ્થળે પહોંચી ૨,૭૫,૩૫૭ મહિલાઓને રેસ્ક્યુ ટીમે બચાવ અને મદદ પહોંચાડી હતી.

આમ, અભયમ સેવા સરકારના અન્ય વિભાગો સાથેનું મજબુત સંકલન, સુસજ્જ ટેકનિકલ માળખુ, પ્રોફેશનલ ટીમ, સ્ટેક હોલ્ડર સાથે સંકલન અને સેવાભાવનાની કટિબદ્ધતાથી ઝડપી સેવાઓ પહોંચાડવામાં અસરકારકતાથી કાર્ય કરે છે. અભયમ મોબાઈલ એપ્લિકેશન, અભયમ પોલિસ હેલ્પ ડેસ્ક પણ ઝડપી સેવાઓમા ઉપયોગી સાબિત થઇ રહયા છે.

# ચોટીલાના ગઢેચી પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ આચાર્ય વિરમભાઈ ડાંગરને ચિત્રકૂટ એવોર્ડ એનાયત

## ગુજરાતના દરેક જિલ્લામાંથી એક શ્રેષ્ઠ શિક્ષકને અપાયું સન્માન

**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**



**ચોટીલા:** વિશ્વ વંદનીય સંત પૂજ્ય મોરારી બાપુ દ્વારા દર વર્ષે ગુજરાત દરેક જિલ્લામાંથી એક શિક્ષકની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં લઈને ''ચિત્રકૂટ એવોર્ડ'' આપી બહુમાન કરવામાં આવે છે. જેમાં પ્રશસ્તિ પત્ર, પૂજ્ય બાપુની શાલ, અને ૨૫૦૦૦ રૂપિયાની ધનરાશી આપી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે સુરેન્દ્રનગર જીલ્લા માંથી ચોટીલા તાલુકાની ગઢેચી પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ આચાર્ય વિરમભાઈ નાનુભાઈ ડાંગર જે હાલ ખેરવા પે સેન્ટર શાળાના આચાર્ય શ્રી તરીકે ફરજ બજાવે છે તેમની પસંદગી ચિત્રકૂટ એવોર્ડ માટે કરવામાં આવી હતી. ગઈ કાલે ૩૧-૦૧-૨૦૨૪ ના રોજ પૂજ્ય મોરારીબાપુના આશ્રમ તલગાજરડા ખાતે રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનસુરીયાની ઉપસ્થિતિમાં ચિત્રકૂટ એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

# બજરંગવાડીના કરિયાણાના વેપારી સાથે રૂા.૧.૮૯ લાખની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર બજરંગવાડીમાં રહેતા કરીયાણાના વેપારીને મોબાઈલમાં મેસેજ કરી પાંચ હજાર આપવાની લાલચ આપી રૂ.૧.૮૯ લાખની છેતરપીડી કરી ગયાની ફરીયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ બજરંગવાડીમાં રહેતા અને ઘર પાસે ગેલેકસી જનરલ સ્ટોર ચલાવતા અમીનભાઈ ફારૂકભાઈ શેખએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે બીપી પીસીએએનટીઆર વાળા હેડર માંથી ટેકસ મેસેજ કરનાર શખસોના નામો આપ્યા હતા ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તા.૧૧-૯ ના રોજ સાંજે તેના ઘેર હતા ત્યારે તેને મોબાઈલમાં ટેકસ મેસેજ આવ્યો હતો જેમા એસબીઆઈ ક્રેડીટ કાર્ડમાં પાંચ હજાર રૂપીયાની કેશ બેક આપવાની લાલચ આપી લીંન્ક મોકલી હતી જેમા તેને ફોર્મ ભરવા માટે પણ મોકલી આપ્યુ હોય જે અંગે તેને માહીતી ભરી હતી દરમયાન રાત્રે તેના ખાતામાંથી રૂપીયા ઉપડી ગયાનો મેસેજ આવતા તેને સાયબર ક્રાઈમ પોલીસમાં જાણ કરી ફરીયાદ કરતા પીઆઈ એમ. એ. જનકાંત સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# ગોપાલનગરમાં આશાસ્પદ યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોપાલનગરમાં રહેતા અને મંગલમ લેબોરેટરીમાં નોકરી કરતાં ૧૮ વર્ષીય યુવકે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

વિગતો મુજબ ગોપાલનગરમાં રહેતો વિરલ પીયૂષભાઈ મકવાણા નામનો ૧૮ વર્ષીય યુવક ગઇકાલે પોતાના ઘરે હતો ત્યારે બોપરના સમયે રૂમમાં પંખાના હૂંકમાં ચુંદડી બાંધી ફાસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી તેના મૃતદેહને પી.એમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયારે પરિવાર અપઘાતના કારણથી અજાણ હોવાથી પોલીસ દ્વારા કારણ જાણવા તજવીજ હાથધરી છે. મૃતક બે ભાઈમાં મોટો હતો. અને તેના પિતા રિક્ષા ડ્રાઇવિગનું કામકાજ કરે છે. ઘટનાથી પરિવારમાં આકંદ છવાયો છે.

# એસઓજી, સાયબર ક્રાઈમ, આજીડેમ, મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈની બદલી

## ચૂંટણી પૂર્વે રાજ્યના ગૃહવિભાગ દ્વારા બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર, પીએસઆઈની બદલીનો ઘાણવો કાઢયો:રાજ્યમાં હથિયારી-બિનહથિયારી ૨૩૨ પીઆઈ અને ૫૯૪ પીએસઆઈની બદલી કરાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

૨૦૨૪ની ચૂંટણી પૂર્વે સરકારી કચેરીમાં લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલીનો દોર શરૂ થયો છે ત્યારે રાજ્યના ગૃહવિભાગ દ્વારા પોલીસ વિભાગમાં મોટાપાયે પીઆઈ અને પીએસઆઈની બદલીનો ઘાણવો કાઢયો છે. જેમાં રાજકોટના છ પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી સહિત રાજ્યમાં ૨૩૨ પીઆઈની અને ૫૯૪ પીએસઆઈની બદલીનો હૂકમ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યના ડીજી વિકાસ સહાયએ રાજ્યના પોલીસ વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના અનુલક્ષી આદર્શ આચારસહિંતાના અમલ કરવા સારૂ અત્રેની કચેરી કોઈપણ જાતનો બેક રેફરેન્સ ક્ર્યા વગર બદલી પામેલા પીઆઈ પીએસઆઈને બદલીની જગ્યાએ હાજર થવા અને જુની જગ્યાએ છૂટા કરવા હૂકમ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર ૨૩૨ની બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ શહેર એસઓજીમાં ફરજ બજાવતા જે.ડી.ઝાલાની અમદાવાદ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.જે.રાણાની વડોદરા શહેર ખાતે કરવામાં આવી છે. આજીડેમ પોલીસ મથકના પીઆઈ એલ.એલ.ચાવડા અને પીસીબીના પીઆઈ એમ.બી.નકુમ ની અમદાવાદ શહેર ખાતે તથા મહિલા પોલીસના પીઆઈ એમ.એચ.મોર ની એસીબી ખાતે બદલી કરવામાં આવી છે.

જ્યારે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ફરજ બજાવતા હથિયારી-બિનહથિયારી પોલીસ સબબ ઈન્સ્પેક્ટરો ૫૯૪ની બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ શહેર અને ગ્રામ્યમાં અનેક પીએસઆઈ ની અન્ય શહેરોમાં બદલી કરવામાં આવી છે. રાજકોટ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા પીએસઆઈ કે.ડી.પટેલને અમદાવાદ શહેર, પીએસઆઈ એમ.ડી.ડામોર સુરત શહેર, પેરોલફલો સ્કોડના મહિલા પીએસઆઈ બી.જે.કડછાને સીઆઈડી ક્રાઈમ, પ્ર.નગરના પીએસઆઈ જામંગ હિતેન્ભાઈ નારણભાઈને અમદાવાદ શહેર, ગાંધીગ્રામના પીએસઆઈ જાડેજા જગેન્સિંહ ગનતાનસિંહને અમદાવાદ શહેર, આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ લોખીલ મુકેશ દેવીદાનને વડોદરા શહેર, કુવાડવા રોડ પોલીસ મથકના પીએસઆઈ પાંડાવદરા જીવાભાઈ કાળાભાઈને વડોદરા શહેર, એડીવીજનના પીએસઆઈ વાઘેલા ગીરીરાજસિંહ નરેન્સિંહને વડોદરા શહેર, કુવાડવાના પીએસઆઈ વસાવા જીતેન્ભાઈ દેવજીભાઈને મહેસાણા તથા ટ્રાફિકના પીએસઆઈ વડવી સુધાકર રાવાભાઈની અમદાવાદ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. રાજ્યમાં કુલ ૫૯૪ હથિયારી-બિનહથિયારી પીએસઆઈની બદલીઓ કરવામાં આવી છે.

# ગોંડલના જામવાડી ગામે વાડામાં બાંધેલા બે બકરાનું મારણ કરતો દીપડો: લોકોમાં ફફડાટ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાના જામવાડી ગામ પાસે રહેણાંક વિસ્તાર વિસ્તારમાં દીપડો ત્રાટક્યો હતો. જામવાડીના ખાડીયા વિસ્તારમાં દીપડાએ બકરાનું મારણ કરતા ફોરેસ્ટ વિભાગ ઘટનાસ્થળે પહોંચ્યું હતું. ગોંડલ પંથકમાં અવાર નવાર સિંહ અને દીપડા આવી પહોંચે છે. એક તરફ ખેડૂતો શીયાળુ સિઝનને લઈને સતત વાડી ખેતરમાં હોય છે એવા સમયે જ સિંહ અને દીપડાઓ આવી ચડતા ખેડૂતોમાં ફફડાટ ઉભો થયો છે. ગોંડલ તાલુકાના જામવાડી ગામ પાસે રહેણાંક વિસ્તારમાં દીપડો ત્રાટક્યો હતો. ગોંડલના જામવાડીના ખાડીયા વિસ્તારમાં દીપડાએ બકરાનું મારણ કર્યું હતું.

ભાવનાબેન મનોજભાઈ રાઠોડે પોતાના ઘરની બહાર વંડામાં બે બકરા બાંધ્યા હતા. રાત્રે દીપડાએ બંને બકરાને ફાડી ખાધા હતા. સવારે ભાવનાબેને જોયું કે બે બકરા ગાયબ હતા. આસપાસમાં શોધખોળ કરતા મૃત હાલતમાં મળી આવ્યા હતા. ગોંડલ જામવાડી વચ્ચેના વિસ્તારમાં દીપડાએ બકરાનું મારણ કરતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. ઘટનાની જાણ થતા ગોંડલ ફોરેસ્ટ વિભાગના અધિકારી અને કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમણે દીપડાના પંજાના નિશાન જઈને તપાસ હાથ ધરી હતી. ગોંડલ પંથકમાં વાંરવાર દીપડા અને સિંહ દેખાઈ દેતા ખેડૂતોમાં ભયનો માહોલ છે. આ પહેલા થોડા વર્ષ પહેલા દીપડો ગોંડલ શહેરમાં એક બંધ મકાનમાં ઘૂસી ગયો હતો. તે અગાઉ થોડા દિવસો પહેલા નાની બજારમાં શિયાળ આવી ચડયું હતું.

# વેલનાથપરામાં બારબોરની ગન સાથે શખ્સ ઝડપાયો

## બે ચોરાઉ બાઈક અને મોબાઈલ સાથે બે શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રામવન પાસે આવેલા વેલનાથપરામાંથી દેશી બનાવટની બારબોરની ગન સાથે એક શખ્સને પોલીસ દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ બી.વી.બોરીસાગર સહિત નો સ્ટાફ આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે રામવન પાસે વેલનાથપરા મફતિયાપરા રહેતો ઉદય ભરત સરવૈયા નામના શખ્સને બારબોરની દેશી બનાવટની ગન સાથે દબોચી લઈ રૂ.૧૦ હજરનો મુામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.



જ્યારે એક બનાવનો ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એન.ડીડામોર સહિતના સ્ટાફે બે ચોરાઉ બાઈક સાથે માડાડુંગર પાસે આવેલા દેવકીનંદન સોસાયટીમાં રહેતો અને મૂળ એમપીનો વતની ધર્મેશ ભાગવત લોધા નામના શખ્સને દબોચી લઈ રૂ.૬૦ હજારના કિંમતના બે બાઈક કબજે ક્ર્યા છે. જ્યારે ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ વિજયરાજસિંહ તથા વિજયભાઈ મહેતા સહિતના સ્ટાફે હૂડકો ચોકડી પાસે કોઠારીયા રોડ પર બાલાજી પાર્કમાં રહેતો પ્રકાર ભગવાનજી મનાણી નામના શખ્સને રૂ.૩૦ હજારના કિંમતના ચોરાઉ મોબાઈલ સાથે દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોંડલમાં ભરવાડ યુવાનની હત્યા કરનાર શખ્સના ઘરમાં ટોળાએ તોડફોડ કરી આતંક મચાવ્યો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં સાગર ભરવાડના હત્યારા ઘનશ્યામના ઘરે ટોળાએ હુમલો કર્યો હતો. ટોળાએ લાકડાના ધોકા વડે ઘરના બારી દરવાજા તોડી પથ્થરમારો કર્યો હતો. ઘનશ્યામની હત્યાના ઈરાદે કેતન અને વિજયે ઘરની છતના નળિયાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આરોપીના ઘર પર હુમલો કરતા ૧૭ ઈસમો વિરુદ્ધ વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઇ છે.



હત્યાનો ભોગ બનનાર યુવાન

આ અંગેની માહિતી મુજબ ગોંડલ શહેરમાં ગત મંગળવારે વહેલી સવારે ગોકુળીયાપરામાં રહેતા અને એસટી બસ સ્ટેન્ડ પાસે પાનની દુકાન ધરાવતા સાગર રાજુ મેવાડા (ઉ.વ.૨૮) નામના ભરવાડ યુવક ઉપર ઘનશ્યામ રસિક પરમારે છરી વડે હુમલો કરતા સાગરને લોહી લુહાણ હાલતમાં પ્રથમ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ યુવકને સારવાર મળે એ પહેલા જ તેમનું મોત નિપજતા તેમના મૃતદેહને ગોંડલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ભરવાડ યુવક સાગરની હત્યા થયાના સમાચાર ગોંડલમાં વાયુવેગે ફેલાયા હતા. સાગર પર હુમલો કરનાર આરોપી ઘનશ્યામના ઘરે ભરવાડોનું ટોળું ઘસી ગયું હતું. મયુર મેવાડા, જય સાનીયા, લાલા ભરવાડ (વાડીનાર પાન વાળા), કેતન વીજય ભરવાડ, લાલા ભરવાડ (ઈન્ડીયન ગેસ) અને અજાણ્યા બારેક લોકોના ટોળાએ લાકડાના ધોકા વડે ઘરના બારી-દરવાજા પર હુમલો કરી તોડી નાખ્યા હતા. ટોળાએ ઘર પર પથ્થરમારો કર્યો હતો. બહાર પડેલા ઘનશ્યામની બાઇક તોડી નાખી હતી. કેતન અને વિજયે ઘરની છતના નળિયાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અંતે પોલીસ આવી જતા ટોળાને ખસેડયું હતું. પોલીસ ઘનશ્યામને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. ઘનશ્યામે મયુર, જય, લાલા, કેતન અને લાલા સહિત ટોળા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# જલારામ સોસાયટીમાં ગોડાઉન અને ગેરેજમાં આગ લાગતા રૂા.૧૦ લાખનું નુકસાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર જલારામ સોસાયટીમાં આવેલા અનંતરાય બેન્સો નામના લાકડાના ગોડાઉન અને તેની અડીને આવેલા ગેરેજમાં ગઇકાલે આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. અને આ આગમાં લાકડા અને બાજુના ગેરેજમાં પડેલ બે કાર અને એક એક્ટિવ છાપેટમાં આવી ગયા હતા.જયારે આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડની ટીમને કરતાં બેડીપરા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર પર કાબૂ મેળવ્યો મેળવ્યો હતો. જ્યારે આ મામલે માલિક રાજભાઈ ચમનભાઈ પટોળીયાએ આગમાં કોઈ જાનહાનિ ન થયાનુ જણાવ્યું હતું. સાથે જ લાકડાના ડેલામાં લાગેલ આગના કારણે બાજુમા આવેલ ગેરેજ માતૃ કૃપા મોટર્સના ડેલામાં બે કાર તેમજ એક એક્ટિવામાં આગમાં પણ લાગી હતી. જયારે પ્રાથમિક દ્રષ્ટિએ આશરે રૂ.૧૦ લાખ સુધીનું નુકશાન થયા હોવાનું જાણવા મળ્યું છે.



# જસદણના લીલાપુર ગામની સીમમાં જુગારની ક્લબ ઝડપાઈ

## સ્થાનિક પોલીસે ચાર શખ્સોને દબોચી લઈ રૂ.એક લાખનો મુદામાલ કબજે ક્ર્યો: જામકંડોરણાના સોડવદર ગામે જાહેરમાં જુગાર રમતા ચારની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણ તાલુકાના લીલાપુર ગામની સીમમાં જુગાર ક્લબ પર જસદણ પોલીસે દરોડો પાડી ચાર શખ્સોની ધરપકડ કરી રૂ.એક લાખનો મુામાલ કબજે ક્ર્યો છે.

આ અંગેની માહિતી મુજબ જસદણ પોલીસના હેડ કોન્સ્ટેબલ પી.બી.વાલાણી તથા કોન્સ્ટેબલ અનિલભાઈ સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે લીલાપુર ગામની સીમમાં આવેલ ધનજી રવજી રામાણીની વાડીએ દરોડો પાડતા વાડી માલીક ધનજી પોતાના આથિસ્ક લાભ માટે બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પૂરા પાડી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય પોલીસે સ્થળ પરથી જુગાર રમતો ધનજી રામાણી, સંજય મોહનદાસ દેસાણી, મહેન્ગીરી સંકરગીરી ગોસાઈ, જીજ્ઞેશ લાખા રામાણી સહિત ચાર શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૨૯૬૦૦ ચાર મોબાઈલ બે બાઈક સહિત રૂ.૧૦૫૬૦૦નો મુામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જયારે અન્ય એક બનાવમાં જામકંડોરણા પોલીસના હેડ કોન્સ્ટેબલ એસ.જી.ગોહિલ સહિતના સ્ટાફે સોડવદર ગામે પ્યાસાપાનની દુકાન પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતો હિંમત બચ્ચુ સોલંકી, મુન્ના ઉર્ફે મનુ ધમા ફતેહપરા, અર્જુન ઉર્ફે રકુ રીયા ધાપા, લખમણ ગોબર ધાપા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રૂ.૧૦૨૮૦નો મુામાલ કબજે ક્ર્યો હતો.

# પોલીસમેનના ફડાકા ઝીંકવાના ગુનામાં ગાયીકા ફરીદા મીર સહિત પાંચને નિર્દોષ છોડી મુકતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જયુબેલી શાક માર્કેટ પાસે ટ્રાફીકને અડચણરૂપ વાહન રાખવા બાબત ટ્રાફીક પોલીસમેન સાથે બઘડાટી બોલાવી, મારમારી અને ફરજ રૂકાવટ કરવાના ગુનામાં અદાલતે જાણીતા ગાયક ફરીદામીર સહિત પાંચ શખ્સોને નિદોર્ષ છોડી મૂકવા હુકમ કર્યો છે.



આ કેસની હકીકત મુજબ ટ્રાફીક શાખામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ સહદેવસિંહ ચંદુભા રાણાએ એ. ડીવીઝન પોલીસ મથકમાં લોકગાયિકા ફરીદા મીર, હસીનાબેન મીર, પાંદચીર, કમરૂદીન ભાયાણી અને ગૌતમ ગોસાઈ સહિતે મારમારી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસની પ્રાથમિક તપાસ ફરિદા મીરની માતાને લઈ ડ્રાઈવર નંબર વગરની કાર લઈને જયુબેલી શાક માર્કેટ પાસે ટ્રાફીકને અડચણરૂપ તેમ કાર રાખતા ટ્રાફીક શાખાના કોન્સ્ટેબલ સહદેવસિંહ રાણાએ કાર સાઈડમાં પાર્ક કરવાનું કહેતા ફરિદામીરની માતા હસીનાબેન ફડાકો મારી પટા ટોપી ઉત્તરાવાની ધમકી આપ્યાની ફરિયાદમાં જણાવ્યું હતુ. તપાસપૂર્ણ થતા અદાલતમાં થાર્જશીટ રજૂ કર્યું હતું. કેસની સુનાવણી હાથ ઘરવામા આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ અશ્વીનભાઈ ગોસાઈએ કરેલી લેખિત મૌખીક દલીલ તેમજ સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ટાંકેલા ચુકાદાને ધ્યાને લઈ અદાલતે ફરીદા મીર સહિત તમામ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટ એડવોકેટ પીયુષભાઈ શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, ચિત્રાંક એસ. વ્યાસ, કશ્યપ ઠાકર, હર્ષીલ શાહ, રવીભાઈ મુલીયા, નેહાબેન વ્યાસ, બીનાબેન પટેલ, રાજુભાઈ ગોસ્વામી, ઉર્વીશાબેન યાદવ, નિતેશ કથીરીયા, નિવીદ પારેખ, કપીલ મુલીયા, સચીન ગોસ્વામી, સાગર પ્રજાપતિ, રીનાબેન સરના અને ભાવિનભાઈ રૂપાણી રોકાયા હતા.

# મોરબીમાં વૃધ્ધને લોભામણી સ્કીમ આપી પાંચ શખ્સોએ કરી રૂા.૩૪.૪૦ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વૃદ્ધને શેર બજારમાં રોકાણ કરો તો તમાને તમરા રોકાણના ડબલ રૂપિયા મળશે તેમ કહી વૃદ્ધને લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઈ ઓનલાઈન/ગુગલ પે ટ્રાન્જેકશન દ્વારા રૂપીયા ૩૪,૪૦,૧૭૯ મેળવી પાંચે શખ્સોએ વૃદ્ધ સાથે વિશ્વાસઘાત કરી રૂપિયા પડાવ્યા હતા. જેથી આ બનાવ અંગે ભોગ બનનાર વૃદ્ધે આરોપીઓ વિરુદ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ મોરબીમાં ગજાનન વાઘપરા શેરી નંબર ૧૦માં રહેતા હીંમાશુભાઈ બળવંતભાઈ પંડ્યાએ આરોપી રીયા શર્મા, આર. પી. સીંગ, જ્ઞાનેન્દ્ર ભારદ્વાજ, ઓમ કશ્યપ તથા અમિતભાઈ અગ્રવાલ વિરુદ્ધ મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે ગત તારીખ ૦૩-૦૫-૨૦૨૧થી ૧૭-૧૦-૨૦૨૧ના સમયગાળા દરમિયાન ફરીયાદીને આરોપીએ પોતે નિર્મલ બેંગ સિકયુરિટી લીમીટેડના હોદેદાર તરીકેની ઓળખ આપી શેર બજારમાં રોકાણ કરો તો તમને તમારા રોકાણના એકના ડબલ રૂપિયા મળશે તેમ કહી ફરીયાદીને લોભામણી લાલચ આપતા ફરીયાદી વિશ્વાસમાં આવી આરોપીએ એકાઉન્ટમાં ઓનલાઈન ડીમેટ એકાઉન્ટ ખોલવા રૂપીયા ૫,૦૦,૦૦૦/- ડિપોજિટ પેટે જમા કરાવેલ બાદ આરોપી બીજા સાથે સંપર્ક કરાવતા આરોપી આર.પી. સીંગે ત્રણ મહિનામાં રૂપિયા ડબલ થઈ જાશે તેમ કહી બે અલગ અલગ એકાઉન્ટમાં જણાવ્યા રૂપિયા જમા કરાવવા કહેતા ફરીયાદીએ કટકે કટકે રૂપિયા અલગ એકાઉન્ટમાં તેમજ ઓનલાઇન ગુગલ પે ટ્રાન્જેકશન દ્વારા કુલ ૩૪,૪૦,૧૭૯ મેળવી લીધા હતા અને ફરીયાદીને એક પણ રૂપિયાનું વળતર આપ્યું ન હોતું અને ફરીયાદી સાથે છેતરપીંડી કરી હતી.


આ બનાવ અંગે ભોગ બનનાર હીંમાશુભાઈએ આરોપીઓ વિરુદ્ધ મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ ઈપીકો કલમ - ૪૦૬,૪૨૦,૧૧૪ તથા ધ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ -૬૬(ડી) મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર એકટીવામાં છ સવારી કરતા યુવકોના જોખમી સ્ટંટ વાયરલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવાડ રોડ નજીક મોટામવા રોડ પર એકટીવામાં એકી સાથે છ યુવકોએ બેસી જોખમી સ્ટંટ કરી પોલીસ તંત્રને ખુલ્લી ચેલેન્જ કરતા હોવાનો વિડીયો વાયરલ થતા તાલુકો પોલીસે તપાસ કરતા વાહનમાં નંબર પ્લેટ ન હોય સીસીટીવી કેમેરા અને બાતમી દારોની મદદથી જોખમી સ્ટંટ કરતી ટોળકીને પકડવા મથામણ કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મોટામવા રોડ પર



નંબર પ્લેટ વગરના એકટીવામાં એકી સાથે છ યુવકોએ બેસી જોખમી સવારી કરતા હોય વાહન ચાલકોના જીવ પડીકે બંધાયા હતા એકટીવામાં એકી સાથે છ યુવકો સવારી કરતા હોય કોણ ચલાવે છે તે પણ નકકી થતુ ન હતુ તેમજ ચાલકના ખંભા પર પણ એક યુવક બેસી સ્ટંટ કરતો હોય તે વિડીયો વાયરલ થતા પીઆઈ પટેલ સહીતના સ્ટાફે જોખમી સ્ટંટ કરતી ટોળકી સામે ગુનો નોંધવા અને તેને પકડી લેવાની કાર્યવાહી કરી હતી.

# બાબરામાં અકસ્માતે વાહનમાં થયેલ નુકસાન બાબતે વેપારી પાસે માંગી રૂા.૧૦ લાખની ખંડણી

## શો રૂમના વેપારીએ બે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, અમરેલી**

બાબરામાં શોરુમના વેપારી પાસે રિપેરીંગમાં આવેલી ગાડીમાં ઘોબો પડી જતા સમાધાનના નામે અને કેસ નહીં કરવા ધમકાવી બે શખસોએ વારંવાર ઓફિસમાં બોલાવી તથા ફોન દ્વારા રુ. ૧૦ લાખ સુધીની અને અલગ અલગ સમયે અલગ અલગ રીતે લાખોની રકમની ખંડણી માગ્યાની પોલીસ મથકમાં વેપારીએ ફરિયાદ નોંધાવી છે. બાબરામાં ભાવનગર રોડ પર માર્કેટીંગ યાર્ડ સામે રહેતા અને મનહર હોન્ડા નામે ટૂ વ્હીલનો શોરુમ ચલાવતા વેપારી જયદિપભાઈ કિશોરભાઈ રવરાણીએ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી શ્યામભાઈ હિંમતભાઈ તૈરૈયાનું ટૂવ્હીલનું એક્સિડેન્ટ થયું હોવાથી ઈન્સ્યોરન્સમાં રિપેરીંગ માટે મૂક્યું હતું. શોરુમના કર્મચારીની ભૂલથી ગાડી સ્લીપ થઈ જતા ગાડીની ટાંકીમાં ઘોબો પડી ગયો હતો. જેથી આરોપીએ ફોન કરીને ત્રણ વખત આરોપીને બાબરા અનમોલ પાર્ક પાસે આવેલા કોમ્પલેક્સમાં કામધેનું ટ્રાન્સપોર્ટની ઓફિસે બોલાવી શોરુમમાં તમારા કર્મચારીએ ગાડીની ટાંકીમાં નુકસાન કર્યું હોય તેનો પોલીસ કેસ નહીં કરવા તેમજ કોર્ટમાં કેસ નહીં કરવા ડરાવી ધમકાવી સમાધાન કરવા પેટે પ્રથમ વખત રુ. ૭ લાખ, તે પછી રુ. ૪ લાખની માગણી કરી હતી. તેમજ ફરી વખત બોલાવીને રુ. ૫૦ હજાર ગૌશાળામાં અને રુ. ૩ લાખ રોકડાની ખંડણી માગી હતી.

આ પછી આરોપી ગજેન્દ્ર શેખવાએ વેપારીને ફોન કરી મને દસ લાખ રુપિયા એક વર્ષ સુધી આપો હું તમને મારા અને મારી પત્નીના બેંકના ચેક આપું. અમે પણ કંઈક ધંધો કરીએ અને કોઈ કાર્યવાહી કરીશું નહીં અને તમારે બાબરામાં ધંધો કરવો હોય તો દર બેસતા વર્ષે પચાસ હજાર રુપિયા આપજો. હું તમને સંપૂર્ણ પ્રોટેક્શન આપીશ અને આવી કોઈ હેરાનગતિ કરીશું નહીં તેમ કહી ખોટી રીતે હેરાન પરેશાન કરી ધંધાને નુકસાન પહોચાડવા અને શાખા ડાઉન કરવા માટે ખોટી રીતે વેપારી પાસેથી સાડા ત્રણ લાખની માગણી કરી ૨૦ દિવસથી કારણ વગર ખોટી રીતે રાત્રિના સમયે એકલા ત્રણ વખત તેમની ઓફિસે બોલાવી રોકડ રકમની ખંડણી માગ્યાની પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.